એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૭ ● અંક : ૨
ડિસેમ્બર' ૧૧ - જાન્યુઆરી '૧૨

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન**
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

**વેબસાઇટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



ગત માસ અમદાવાદ જ્ઞાતિ માટે ગૌરવપ્રદ રહ્યો. પરંપરા અનુસાર મંડળની વાર્ષિક સામાન્ય સભા અને સ્નેહ મિલનનું આયોજન થયું. પરંતુ આ વખતનું સ્નેહ મિલન અનોખું હતું. અમદાવાદથી ૭૦ કિ.મી. દૂર નળ સરોવરના પ્રકૃતિ સભર વાતાવરણમાં આભે ઉડતા પક્ષીઓના ઝુંડ અને નીચે હરિયાળી ધરતી અને સરોવરના શાંત જળના સાન્નિધ્યે, આપણા પરિવારો, મહિલાઓ અને બાળકોએ આખો દિવસ હર્ષોલ્લાસથી માણ્યો. પાંગરતી પ્રતિભાઓને બિરદાવી. બાળકો તેમજ બહેનોએ વિવિધ-કલા સંસ્કૃતિ પોષક નાની મોટી આઈટેમો પ્રસ્તુત કરી, તેમજ સમૂહ ભોજનનો આનંદ લીધો.

સાથે સાથે વાર્ષિક સામાન્ય સભા પણ મળી. છેલ્લા લગભગ એક દાયકાથી સક્રિય એવા આપણા સમાજના સુત્રધારોએ સમાજ દ્વારા સંપન્ન વિવિધ પ્રવૃત્તિઓને યાદ કરી, ઉપસ્થિત સભાજનોએ બિરદાવી.

સામાજીક સંગઠન હંમેશાં સંસ્થાલક્ષી હોય. **સંસ્થાની કોઇ એક કે વધુ વ્યક્તિઓ એમાં પાયા સમાન હોય એ સાચું, પરંતુ તેઓ એ સંસ્થામાં ઓતપ્રોત થઇ જાય, ઓગળી જાય ત્યારે જ સમયાંતરે નેતૃત્વ બદલાય છતાં પણ હરદમ સંસ્થાનો વિકાસ થાય. અને તે માટે નેતૃત્વનો સૌપ્રથમ સિધ્ધાંત કહો કે આવશ્યકતા એ છે કે, કાર્યરત નેતૃત્વની ભાવિ નેતૃત્વ ઘડવાની ક્ષમતા.** આપણા નાનકડા સમાજમાં સંસ્થા સમર્પિત કાર્યકરો ક્રમશઃ તૈયાર થતા જ રહ્યા છે, એજ આપણા સમાજની વિશિષ્ટતા છે. અને આ વાતની પ્રતીતિરૂપે, અમદાવાદ સમાજના છેલ્લા દસ વર્ષથી કાર્યરત કારોબારી સમિતિમાં ઉચ્ચ પદો શોભાવતા હોદ્દેદારો, એમના પદેથી સ્વેચ્છાએ મુક્ત થયા અને પૂર્ણ સામંજસ્ય અને સમજથી નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી થઈ છે. નવગઠિત કારોબારીની વિગતો અન્યત્ર પ્રસ્તુત છે.

અન્ય મહત્ત્વની બાબતો પર નજર કરીએ તો ભુજ જ્ઞાતિ સમાજ દ્વારા ગત ડિસેમ્બર માસે સમૂહલગ્ન સમારંભનું સફળતાપૂર્વક આયોજન થયું. એની વિગતો પણ અન્યત્ર પ્રસ્તુત છે.

બીજી મહત્ત્વની બાબત જેનો ઉલ્લેખ અત્રે કરવાનો છે, તે છે, આપણા **મહામંડળની સામાજીક સમિતિ દ્વારા એક મહા અભિયાનનો આરંભ. આ સમિતિ એ, સમાજની સાંપ્રત સમસ્યા, 'લગ્ન-વિચ્છેદ'નો સામુહિક પ્રતિકાર કરવા માટે એક નવા વિચારનું વાવેતર કર્યું છે.** આ સદ્‌વિચાર છે, સંબંધ વિચ્છેદના મામલાઓમાં **'સમાધાન'**નું વાતાવરણ સર્જાય, ઉભય પક્ષે પુનઃ મનમેળ થાય અને તૂટતા સંબંધો સંધાય તે માટે તેમજ ભવિષ્યમાં આપણા સમાજના કોઇ પરિવારમાં સંબંધ વિચ્છેદ પરિસ્થિતિ ઊભી જ ન થાય તે માટે સમજણના સુર રેલાવવા સર્વે જ્ઞાતિજનોને કટીબધ્ધ થવા પડકાર કર્યો છે. મહામંડળના આ કદમને 'સેતુ' સોત્સાહ બિરદાવે છે તેમજ આ અભિયાનમાં સક્રિય સહયોગ આપવા એની પ્રતિબધ્ધતા વ્યક્ત કરે છે. અસ્તુ.

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

ભારતીય સંસ્કૃતિમાં જોઇએ તો કોઇપણ ગ્રંથની જન્મતિથિ ઉજવાતી હોય તો તે શ્રીમદ્ ભગવદગીતાની ઉજવાય છે

માગશર સુદ અગિયારસના દિવસે ભગવાન શ્રીકૃષ્ણે એમના પ્રિય મિત્ર અને ભક્ત અર્જુનને કુરૂક્ષેત્રના મેદાનમાં એનો ક્ષાત્રધર્મ સમજાવ્યો હતો. તે દિવ્ય સંદેશ એટલે ગીતા. આ સપરમો દિવસ "ગીતા જયંતિ" તરીકે ભારતમાં હોંશભેર ઉજવાય છે. ગીતાજીનો જન્મ તો ભગવાન શ્રીકૃષ્ણના મુખેથી વાણી સ્વરૂપે થયો છે.

ગીતાજી એટલે સંસ્કૃત મહાકાવ્ય મહાભારતનો એક ભાગ છે. એ માનવ ઈતિહાસની સૌથી મૂલ્યવાન દાર્શનિક તથા ધર્મકથા છે. ધૃતરાષ્ટ્રના પુત્રો કૌરવો અને પાંડવોની વચ્ચેના ભીષણ યુદ્ધ દરમ્યાન એનું સર્જન થયું.

સનાતન સત્યની ચર્ચા શ્રીમદ ભગવદ્ ગીતામાં કરવામાં આવી છે.

જે શાશ્વત પ્રશ્નોના જવાબ ગીતાના માધ્યમ દ્વારા મળી આવ્યા છે તે સમાધાન પણ સત્ય છે શાશ્વત છે.

"ભગવત ગીતા એટલે" સ્વયં ભગવાને ગીત ગાયું તે. ગીતાને આપણે 'માતા' માનીએ છીએ. તેથી ભગવદ ગીતા, આપણને સૌને જ્ઞાનરૂપી અમૃતનું પાન કરાવીને આપણો જે આધ્યાત્મિક દેહ છે તેનું પોષણ કરે છે.

ગીતામાં જ્ઞાન યોગ, કર્મ યોગ, ભક્તિ યોગની પૂર્ણ ચર્ચા કરવામાં આવી છે. બીજા અધ્યાયમાં સાંખ્યયોગની (દ્વારા) જ્ઞાનની ચર્ચા કરવામાં આવી છે. તે જ્ઞાન યોગ છે સ્થિતપ્રજ્ઞ જ્ઞાનીના લક્ષણો બતાવ્યા છે. ત્રીજા અધ્યાયમાં કર્મયોગની ચર્ચા થઇ છે અને બારમાં અધ્યાયમાં ભક્તિ યોગની ચર્ચા થઇ છે. શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે જ્ઞાન સર્વસ્વ છે, પોતાના શરીરને ઓળખો. શરીરની નાશવંતતાને ઓળખો. જે સંસારમાં અસંગ રહે છે તે સંસારથી તરી જાય છે. મોહ, આશક્તિ બંધનનું કારણ બને છે. મોહ રડાવે છે, મમતા બાંધે છે. આમ અજ્ઞાનતાને તોડો. આ છે "જ્ઞાન યોગ."

શ્રીકૃષ્ણ કહે છે, કર્મ કરો, ફળની આશા ન રાખો. જો ફળની આશા રાખશો તો દુઃખી થશો. જે ફળ મળે તેનો સ્વીકાર કરો. બધું પ્રભુ પર છોડો. પરમાત્મામાં શ્રદ્ધા રાખો. જે પરિસ્થિતિ આવે તે સહન કરવાની પ્રભુ પાસે શક્તિ માંગવી અને પ્રભુ પ્રાર્થના કરવી. નિષ્કામભાવે કરેલું કર્મ જ શ્રેષ્ઠ છે. આ છે "કર્મ યોગ."

શ્રીકૃષ્ણ કહે છે પ્રભુમાં શ્રદ્ધા રાખી તેની ભક્તિ કરો. ભક્તિમાં પણ નિષ્કામતા જોઇએ. ભક્તિમાં પણ પરમાત્માની સંપૂર્ણ શરણાગતિ તેમજ પ્રભુના અનન્ય 'ભક્ત' બની રહેવું. આ છે "ભક્તિ યોગ."

નરસિંહ મહેતા, મીરાંબાઇ અને સંત તુલસીદાસની જેમ ભક્ત દુઃખને પણ પ્રભુની પ્રસાદી માને છે. આમ ભક્તિની વાતો કરતા શ્રીકૃષ્ણ કહે છે જે વ્યક્તિને ત્રણેમાંથી જે માર્ગ યોગ્ય લાગે તેનો સ્વીકાર કરી, એ માર્ગે આગળ વધી શકે.

ગંગોત્રીથી પ્રગટેલી ગંગા. એ ગંગા સાગર પછી સમુદ્રમાં મળીને એકરૂપ બને છે. તે રીતે જ્ઞાન માર્ગ, કર્મ માર્ગ અને ભક્તિ માર્ગ ત્રણે પરમાત્મારૂપી મહાસાગરમાં જળમાં જ એકરૂપ થઇ જાય છે અને જીવ શિવરૂપ બની જાય છે

આમ ગીતાજી, એ આત્મજ્ઞાનનો મહાકુંભ છે.

ગીતાએ માનવીના જીવનરૂપી દરિયામાં દીવાદાંડી સમાન છે. જયાં શ્રીકૃષ્ણની ગીતા છે ત્યાં અજ્ઞાનતા, લાચારી, દંભ ક્ષુદ્રતા, મૂઢતા, મલીનતા, ભ્રાંતિવાદ ટકી શકે જ નહિ. આ તો કૃષ્ણના હૃદયની ભાવના છે.

ગીતામાં ભગવાનના ગુણ કર્મ પ્રભાવનું વર્ણન છે તેવું અન્યોમાં નથી. ભગવાને ગીતામાં કહ્યું આ સૃષ્ટિમાં મનુષ્ય, પંખી, વનસ્પતિ અગ્નિ વગેરે જે કંઇ છે તે બધું સઘળા કર્તવ્યો, કર્મો મારામાં પરોવીને બધું તજીને તું એક સર્વશક્તિ, સર્વાધાર મારે (શ્રીકૃષ્ણ) ને શરણે આવી જા. હું તને બધા બંધનોથી મુક્ત કરીશ.

ગીતા ઉપર અનેક મહાપુરૂષોએ ભાષ્ય આપ્યા છે. રામાનુજાચાર્યજીએ ટીકા લખી છે. જગદગુરુ શંકરાચાર્યજીએ ભાષ્ય આપ્યું છે. મહાત્મા ગાંધીજીની કલમ તેના ઉપર ચાલે છે. લોકમાન્ય તિલક અને વિનોબાજી તરફથી પણ ભાષ્ય મળ્યા છે.

ગીતાજીના ૧ થી ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોકોમાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ગવાયેલ ગીતા સૌના માટે પ્રેરણાદાયક અને સૌના માટે ઉપયોગી છે. અને તેથી જ એના ભક્તો સંકીર્તન કરતા ગીત ગાય છે.

*"જાને ક્યા જાદુ ભરા હુઆ, ભગવાન તુમ્હારી ગીતામેં*
*મન ચમન હમરા હરા હુઆ, ભગવાન તુમ્હારી ગીતા મેં*
*જબ શોક મોહ સે ગીર જાયે, તબ ગીતા બચન હૃદય લાયે*
*જુગ જુગ કા અનુભવ જુડા હુઆ ભગવાન તુમ્હારી ગીતા મેં*
*ગીતા સંતો કો પ્યારી હૈ ઋગ્વેદ ધર્મ અનુસારી હૈ*
*સંસાર સાર હૈ ભરા હુઆ ભગવાન તુમ્હારી ગીતા મે*
*જાને ક્યા જાદુ ભરા હુઆ ભગવાન તુમ્હારી ગીતા મેં"*

આપણા આ આધ્યાત્મિક પીંડ (શરીર) ને (પુષ્ટી) પોષણ મળે એટલા માટે ગીતાજીનો નિરંતર પાઠ કરવો જોઇએ.

ગીતા જેવી રીતે શ્રીકૃષ્ણ પાસે અર્જુન સાંભળે છે, અર્જુનમાં જે સરળતા છે ઋજુતા છે, એવી ઋજુતા લઇને આપણે ગીતા શાસ્ત્રનું શ્રવણ કરશું, તો જ એ આપણને મનોગત થશે. ■

*પ્રસ્તુત સુંદર લેખના લેખક પોતાનું નામ લખવાનું ભૂલી ગયા છે, જે જણાવવા વિનંતી.*

*માનનીય લેખકોને એમનું નામ, એમના લેખમાં મથાળે જ આપવા અનુરોધ છે.*

*– મુખ્ય તંત્રી*

## લગ્ન સંસ્કારનું સાર્થક્ય

કનકચંદ્ર વ્યાસ - અંજાર




શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ઉચ્ચ સંસ્કારોને વરેલી છે. આપણા ધર્મમાં સોળ સંસ્કારોનું ભારે મહત્ત્વ છે. તેમાંના એક સંસ્કાર તે વિવાહ સંસ્કાર. અગ્નિદેવની સાક્ષીએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્ત કરવાની ભાવનાથી ગૃહસ્થાશ્રમમાં વર-કન્યા ડગ માંડે છે. આધુનિક યુગમાં સમજણ વિકસી છે ત્યારે છુટાછેડાનું પ્રમાણ વધી રહ્યું છે. જે સારી નિશાની નથી. "સેતુ" પરિવાર દ્વારા ખંડિત થઈ રહેલા ગૃહસ્થાશ્રમને અખંડિત રાખવા થઈ રહેલા પ્રયત્નોને મા શ્રી મહાકાલી, મા શ્રી મહાલક્ષ્મી અને મા શ્રી સરસ્વતી ખૂબ ખૂબ સફળતા આપે તેવી પ્રાર્થના સાથે આ કાર્યમાં સૌને યશ મળે તેવી શુભેચ્છા સાથે આશિર્વાદ.

*કનકચંદ્ર છગનલાલ વ્યાસના ભગવદ્ સ્મરણ*

## લગ્ન એ પવિત્ર સંસ્કાર

*સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ - ભુજ, કચ્છ*



હિંદુ ધર્મમાં ષોડશ સંસ્કાર પૈકી લગ્ન એ પવિત્ર સંસ્કાર છે.

સોળ સંસ્કાર વૈદિક વિધિ પૂર્વક દેવ, પિતૃના પૂજનથી કરવામા આવે છે. શ્રુતિનું વચન છે કે બે શરીર, બે મન તથા બુધ્ધિ, બેહૃદય, બે પ્રાણ તથા બે આત્માઓનું સમન્વય કરી અગાધ પ્રેમના વ્રતનું પાલન કરવાવાળા દંપતી ઉમા-મહેશ્વરના પ્રેમ દર્શનને ધારણ કરે છે એજ વિવાહનું સ્વરૂપ છે.

હિંદુ સંસ્કૃતિમાં વિવાહ ક્યારેય ન તૂટે તેવું એક પરમ પવિત્ર ધાર્મિક સંસ્કાર છે. વિવાહમાં બે પ્રાણ (વર-વધૂ) પોતાના અલગ અસ્તિત્વ સમાપ્ત કરી એક સમ્મિલિત એકાઈનું નિર્માણ કરે છે અને એકબીજાને પોતાની યોગ્યતાઓ તથા ભાવનાઓને ગાડીના બે પૈડાની માફક પ્રગતિ પથ પર આગળ વધે છે. મતલબ કે વિવાહ બે આત્માઓનું પવિત્ર બંધન છે. જેનો ઉદ્દેશ માત્ર ઇંદ્રિય સુખ ભોગ નહિં પરંતુ સંતાન પ્રાપ્ત કરી એક પરિવારનો પાયો નાખવાનો છે.

વૈદિક સાહિત્યમાં ઋષિ શ્વેતકેતુએ મર્યાદાની રક્ષા માટે વિવાહ પ્રણાલીની સ્થાપના કરી ત્યારથી કુટુંબ વ્યવસ્થાના શ્રીગણેશ થયા. આજે બહુ પ્રચલિત વેદ યંત્રો દ્વારા વિવાહ થાય છે તેને બ્રહ્મ વિવાહ કહેવાય છે. મનુ સ્મૃતિમાં આ વિવાહને ધાર્મિક મહત્તા નીચેના શ્લોકમાં લખી છે.

*दश पूर्वान् परन्वंश्यान आत्मनं चैक विंशकम ।*
*ब्राह्मीपुत्र सुकृतकृन् मोजामे देनसः पितृन् ॥*

અર્થાત્ બ્રાહ્મ વિવાહથી ઉત્પન્ન પુત્ર પોતાની ૨૧ પેઢીઓને પાપથી મુક્ત કરે છે.

ભવિષ્ય પુરાણમાં કહ્યું છે કે જે પોતાની પુત્રીને અલંકૃત કરી બ્રાહ્મ વિધિથી વિવાહ કરે છે તે પોતાના સાત પૂર્વના તથા સાત વંશજોને નરકથી તારે છે.

***વિવાહના લાભોમાં યૌન તૃપ્તિ, વંશ વૃધ્ધિ, મૈત્રી લાભ સાહચર્ય સુખ, માનસિક રૂપથી પરિપક્વતા, દીર્ઘાયુ, શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ મુખ્ય છે. તદુપરાંત સમસ્યાઓથી ઝુઝવાની શક્તિ અને પ્રગાઢ પ્રેમ સંબંધથી પરિવારમાં સુખ શાંતિ મળે છે.*** આથી સ્પષ્ટ થાય છે કે વિવાહ સંસ્કાર સભ્ય સમાજનું એક સુવ્યવસ્થિત ક્ષેત્ર મેરૂદંડ છે. અસ્તુ.

॥ સર્વજના સુખીન સન્તુ ॥

# શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ

## સામાજીક સમિતિ

સાથે મળી સમજણના સૂર કેળવીએ

સાથે મળી સમજણના સૂર કેળવીએ

### લગ્ન સંબંધ વિચ્છેદ સમસ્યા અંગે

## મહામંડળનો મહામંત્ર

## સમાધાન

### અભિયાનના પ્રથમ કદમે....

અમને જણાવતાં હર્ષ થાય છે કે મહામંડળની સામાજીક સમિતિએ **લગ્ન સંબંધ-વિચ્છેદ સમસ્યા** વિષે વિસ્તૃત ચર્ચા વિચારણા પછી - 'જ્ઞાતિ સેતુ' માધ્યમ થકી સર્વગ્રાહી અભિયાનનો આરંભ કરેલ છે. 'જ્ઞાતિ સેતુ'ના - આગામી એક વર્ષ સુધીના પ્રત્યેક અંકમાં આ અભિયાન માટે ખાસ પૃષ્ઠો ફાળવવામાં આવશે. આ ખાસ પૃષ્ઠોમાં નીચેની વિગતોનો સમાવેશ થશે.

૧. અભિયાન સંમતિ સુચક સંદેશ : પ્રેષકોનાં નામો signature campaignની રીતે પ્રકાશિત થશે.

૨. અભિયાન સંદેશાના પ્રકાશન સૌજન્યદાતાશ્રીઓ તેમજ સહયોગીઓનો આછેરો પરિચય પ્રકાશિત થશે.

૩. અભિયાન સંદર્ભે સૂચનો/સમાચાર/રસપ્રદ ટુચકા આદિ તેમજ કાર્ટુન્સ/ચિત્રો/ગીતો/લઘુકથા / કાવ્યો આદિ પ્રકાશિત થશે.

૪. 'સમજણના સૂર' અંતર્ગત સમાજ અગ્રણીઓનાં આ વિષયે વિદ્વાનો/વડિલો સાથેના વાર્તાલાપો પ્રકાશિત થશે. કાયદાના નિષ્ણાતોના અભિપ્રાયોનો પણ સમાવેશ થશે.

★ **વિચાર બીજ : શ્રી શિવલાલ શામજી સોની, ચેરમેન - સામાજીક સુરક્ષા સમિતિ**

★ **અભિયાન પ્રેષક/પોષક : શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ**

★ **આકલ્પન / આલેખન / મુદ્રાંકન : હંસરાજ કંસારા, અતુલ સોની, મનુભાઇ કોટડીયા (જ્ઞાતિ સેતુ સામયિક)**

| | | |
|---|---|---|
| **સોની પ્રભુદાસ ખેતશી** | **સોની શિવલાલ શામજી** | **સોની પ્રેમજીભાઈ કેશવજી** |
| **પ્રમુખ** | **ચેરમેન - સામાજીક સમિતિ** | **મહામંત્રી** |

**સૌજન્ય : સોની શામજી ગાંગજી (વલાડીયાવાળા) - અંજાર**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

પ્રદીપ જે. બીજલાણી

## ૨૬મો સમૂહલગ્ન સમારોહ • ગુરૂવાર, તા. ૧-૧૨-૨૦૧૧

### વડીલોના આશીર્વાદથી જ ગૃહસ્થ જીવનમાં સફળતા પ્રાપ્ત થાય છે

સૌ જ્ઞાતિજનોના પ્રેમ અને લાગણીના સથવારે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ દ્વારા ૨૬મો સમૂહ લગ્નોત્સવ તા. ૧-૧૨ના શુભદિને ટીન સિટી - ભુજ મધ્યે ભવ્ય આયોજન સાથે ઉજવવામાં આવ્યો. જેમાં ૧૬ દંપતીઓએ સમૂહમાં વેદ મંત્રોચ્ચાર સાથે સપ્તપદીના ફેરા ફરી પ્રભુતામાં પગલાં પાડતા ગૃહસ્થાશ્રમે પ્રવેશવા પ્રયાણ કરેલ.

સવારે ગણેશપૂજન મુખ્યદાતા 'સમાજરત્ન' શ્રી ભરતભાઇ રામદાસ બગ્ગાના વરદ્ હસ્તે થયા બાદ પૂ. ગોરશ્રી સુમનલાલ વ્યાસના આચાર્યપદે લગ્નવિધિ-હસ્તમેળાપ વિધિ ભૂદેવો દ્વારા કરાવવામાં આવી હતી.



માંગલ્ય અવસરે બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો તેમજ આમંત્રિત મહેમાનોએ ઉપસ્થિત રહી, નવદપંતીઓને શુભાશિષ સાથે સુખમય દાંપત્યજીવનની મંગલકામના વ્યક્ત કરેલ.

સમૂહ લગ્નમાં ભુજના ૧૬ તથા કચ્છ અને કચ્છ બહારના જાલોર (રાજસ્થાન), ભીલડી (બનાસકાંઠા), નવા ડીસા, રાજકોટના ૧૬ મળીને કુલ ૩૨ પક્ષકારો જોડાયેલ. ગયા વર્ષે 'સમૂહલગ્ન કાયમી ફંડ'ની રચના બાદ આવેલ ફંડના વ્યાજની આવકમાંથી કન્યાઓને પ્રવેશ ફોર્મ ફીમાં ૫૦% રાહત આપવામાં આવેલ.

આ પ્રસંગે સાંસારિક જીવનની શરૂઆત કરતા નવદંપતીઓને સમૂહલગ્ન સમિતિ તેમજ જ્ઞાતિજનો તરફથી કુલ ૪૫ વસ્તુઓ ભેટ-સોગાદ અર્પણ કરવામાં આવેલ. સાથે મંડપ નંબરના ફોટા સહિત બેનર યાદગીરી રૂપે તથા લગ્નનોંધણી સરકારી સર્ટિફિકેટ, ગૌદાનના કવર વિગેરે આમંત્રિત મહેમાનોના વરદ્હસ્તે કન્યાઓને વિતરણ કરવામાં આવેલ.

બપોરના સ્વાદિષ્ટ ભોજન બાદ સત્કાર સમારોહ શરૂ થયેલ. જેના અધ્યક્ષ સ્થાને (ભુજ) જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઇ જટુભાઇ ચનાણી, મુખ્યદાતા 'સમાજરત્ન' શ્રી ભરતભાઇ રામદાસ બગ્ગા, અતિથિ વિશેષશ્રી રસિકલાલ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી (જાહેરાત-સ્ટેશનરી સૌજન્ય), રમેશભાઇ કેશવલાલ મઈચા (લગ્નપત્રિકા સૌજન્ય) વિગેરે મંચસ્થ મહેમાનોના વરદ્હસ્તે દીપ પ્રાગટ્યથી સમારોહની શુભ શરૂઆત કરવામાં આવી. પૂ. ગોરશ્રી સુમનભાઇનું શાલ ઓઢાડી સન્માન કર્યા બાદ તેમણે નવદંપતીઓને દાંપત્યજીવનની શુભકામના સાથે આશીર્વચન પાઠવેલ.

સમારોહના મુખ્ય મહેમાનપદે : 'જ્ઞાતિ શિરોમણી' શ્રી જટુભાઇ વેલજી ચનાણી, 'સમાજશ્રેષ્ઠી' શ્રી પ્રભુદાસભાઇ ખેતશી ગુજરાતી, 'સમાજરત્ન' શ્રી ભરતભાઇ રામદાસ બગ્ગા, અતિથિ વિશેષપદે : શ્રી રસીકલાલ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી, પ્રદીપભાઇ મગનલાલ ચનાણી, મહેન્દ્રભાઇ શિવજી બુધ્ધભટ્ટી, રામજીભાઇ દેવજી પોમલ, જોગેશભાઇ મણિલાલ છત્રાળા, નવીનચંદ્ર જાદવજી સોલંકી, યોગેશભાઇ ઇશ્વરલાલ સોલંકી, જગદીશભાઇ શીવજી બારમેડા (માધાપર), ભરતભાઇ બેચરલાલ બગ્ગા (નખત્રાણા), કિશોરભાઇ બાબુલાલ બુધ્ધભટ્ટી (રાયપુર), છગનલાલ નારણદાસ હેડાઉ (અંજાર), ધનજીભાઇ હરીદાસ બુધ્ધભટ્ટી (કોઠારા), વિનોદભાઇ વલ્લભદાસ હેડાઉ (માંડવી), રસિકલાલ છગનલાલ પોમલ (રાયપુર) મંચસ્થ રહી શોભામાં અભિવૃદ્ધિ કરેલ.

સમૂહલગ્ન સમિતિના કન્વીનરશ્રી નીતિનભાઇ અમૃતલાલ હેડાઉ તથા જ્ઞાતિમંત્રી શ્રી દિલીપભાઇ કાનજીભાઇ બગ્ગા દ્વારા આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ મંચસ્થ મહેમાનોના વરદ્હસ્તે નવદંપતીઓનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું.

સમૂહલગ્ન સમિતિના મંત્રીશ્રી પ્રદીપ જીવરામ બીજલાણીએ સમૂહલગ્નના આયોજન બાબતે તેમજ સમૂહલગ્ન અંગે ફેલાતી ખોટી આલોચનાઓ, ગેરમાન્યતાઓ દૂર કરી સમૂહલગ્નના ઉદ્દેશો પાર પાડવા સમૂહમાં લગ્નગ્રંથિથી જોડાવા અપીલ કરી હતી.

સમૂહ લગ્નના ખર્ચ આયોજન સંબંધે જાહેર કરવામાં આવેલ વિવિધ સૌજન્ય-ઓફરના પ્રતિસાદરૂપે સામાજિક સદ્ભાવનાથી પ્રેરાઇને જ્ઞાતિજનો તરફથી લગ્નપત્રિકામાં ૩૧ ફોટા, જાહેરાત સ્ટેશનરી ખર્ચ, લગ્નપત્રિકા ખર્ચના સૌજન્યરૂપે દાતાઓ તરફથી ઉદાર ભાવના દાખવી વિશેષ સહયોગ મળેલ. તે દાતાઓ તેમજ

લગ્નસ્થળ પર રૂા. ૧૧૦૦૦/- કે તેથી ઉપર દાન આપનાર દાતાઓનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

૨૬મા સમૂહલગ્નના ૫૦% ખર્ચના મુખ્યદાતા શ્રી 'સમાજરત્ન' ભરતભાઇ રામદાસ બગ્ગાનું શાલ ઓઢાડી + ચાંદીનો મોમેન્ટો તથા સન્માનપત્ર દ્વારા યોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત (૧) શ્રી હર્ષદભાઇ ઝવેરીલાલ બુધ્ધભટ્ટીનું 'જાયન્ટસ ઇન્ટરનેશનલ' ભુજના પ્રમુખસ્થાને વરણી થતા તેમજ (૨) શ્રી કાંતિલાલ વાલજીભાઇ હેડાઉનું કસ્ટમ એન્ડ સેન્ટ્રલ એક્સાઇઝ ખાતામાં 'કસ્ટમ સુપ્રીન્ટેન્ડન્ટ' કંડલા - અધિકારીપદે બઢતી મેળવી સમાજનું ગૌરવ વધારવા બદલ શાલ + સન્માનપત્રથી જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઇ ચનાણી દ્વારા સન્માનિત કરવામાં આવેલ.

અતિથિ વિશેષ શ્રી કિશોરભાઇ બાબુલાલ બુધ્ધભટ્ટી (રાયપુર), ભરતભાઇ બેચરલાલ બગ્ગા (નખત્રાણા), ધનજીભાઇ હરીદાસ બુધ્ધભટ્ટી (કોઠારા) તથા નવદંપતીઓમાંથી વરરાજા શ્રી નંદનકુમાર ચમનલાલ પોમલ (અંજાર) તમામ વક્તાઓએ સમૂહલગ્ન અંગે યોગ્ય રજુઆતો કરી સમૂહલગ્નના વ્યવસ્થિત ભવ્ય આયોજનને બિરદાવી તમામ હોદ્દેદારો-કાર્યકરોને અભિનંદન દ્વારા બિરદાવેલ તથા નવદંપતીઓને શુભેચ્છા પાઠવેલ.

જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઇ ચનાણીએ આગામી ૨૭મા સમૂહ લગ્નોત્સવમાં દરેક કન્યાઓને નિઃશુલ્ક પ્રવેશ આપવાની જાહેરાત કરી વધુમાં બહારગામના પક્ષકારો તરફથી ઉતારા વ્યવસ્થા માટે રજુઆત થતાં જ્ઞાતિ પ્રમુખશ્રીએ આવતા વર્ષે આ અંગે જરૂરથી વિચારણા કરવાની હૈયાધારણ આપેલ.

સગાઇ-લગ્ન સંબંધોમાં વિચ્છેદ બાબતે ચિંતા દર્શાવી, તેમણે સમાજ ઉત્કર્ષ માટે જ્ઞાતિજનો તેમજ બુધ્ધિજીવીઓની ચિંતન શિબિર યોજી આવા સામાજિક પ્રશ્નો હલ કરવાની નેમ દર્શાવી હતી.

સમૂહ લગ્નના નિમંત્રણને માન આપી, સમસ્ત જ્ઞાતિના 'ઐક્ય' સૂચક આત્મીયતા પ્રેરક પ્રસંગની શોભા વધારવા દેશ-વિદેશ વસતા પરિવારો, રાજસ્થાન, મુંબઇ, અમદાવાદ, રાયપુર, જૂનાગઢ, સિહોર, અંજાર, માંડવી, નખત્રાણા, નલીયા, મોટી વિરાણી, દયાપર, દુધઇ, પશ્ચિમ કચ્છ ગામોના જ્ઞાતિ મંડળોના પ્રમુખશ્રીઓ, અગ્રણીઓ તેમજ જ્ઞાતિજનોએ હાજરી આપી હતી.

જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઇ ચનાણી, મંત્રીશ્રી દિલીપભાઇ બગ્ગા, ઉપપ્રમુખશ્રી સુનીલભાઇ પોમલ, સમૂહલગ્નના પ્રણેતા અમૃતલાલ સોલંકી, દીર્ઘદ્રષ્ટા શ્રી ચંદ્રકાંત ચનાણી, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકી, યુવક મંડળના પ્રમુખશ્રી અનિલ છત્રાળા, જ્ઞાતિમંડળ તથા યુવક મંડળ (માધાપર)ના પ્રમુખશ્રી હસમુખભાઇ મઇચા તથા મનોજ બુધ્ધભટ્ટી, ખજાનચી શ્રી હિતેશ પોમલ, રાજેન્દ્ર બુધ્ધભટ્ટી તેમજ સમૂહલગ્ન સમિતિના કન્વીનરશ્રી નીતિનભાઇ હેડાઉના માર્ગદર્શન હેઠળ સર્વે કારોબારી સભ્યો, સમૂહલગ્ન સમિતિના સભ્યો તથા સેવાભાવી કાર્યકર ભાઇઓ-બહેનોએ જહેમત ઉઠાવી સમૂહલગ્નના આયોજનને પાર પાડ્યું હતું.

સંચાલક શ્રી ચેતન બારમેડા, દિલીપ બગ્ગા, સમૂહલગ્ન સમિતિના મંત્રી પ્રદીપ બીજલાણીએ સંપ-સેવા-શિસ્ત-સહકાર-સંગઠનની ભાવના અમલમાં મુકી દરેક જ્ઞાતિજન સ્વયંસેવકની એટલે કે સ્વયં જાતે કાર્યકર તરીકે ફરજ બજાવી, સમૂહલગ્નના ભગીરથ કાર્યને સફળતા અપાવી સમાજનું ગૌરવ વધારવા બદલ સફળતાનો યશ કાર્યકરો - હોદ્દેદારો - જ્ઞાતિજનો બધાને સરખે ભાગે જાય છે તેવું જણાવી સમૂહલગ્ન સમિતિ વતી અભિનંદન સહ આભાર માન્યો હતો.



ઉં.વ.-૯૦
પરમતત્વ પ્રસ્થાન : ૧૬ જાન્યુઆરી, ૨૦૧૨

## શ્રધ્ધાંજલી

### જ્ઞાતિ સમસ્તના શિરોમણી પૂ. જટુભાઇ સોનીની વસમી વિદાય

આપણી સમસ્ત જ્ઞાતિના વ્હાલસોયા વડીલ, ભુજ-નિવાસી, પૂજ્ય જટુભાઇ વેલજીભાઇ ચનાણી (વેલજી આણંદજી પરિવાર) ના ભુજ મધ્યે ૧૬ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ થયેલ દુઃખદ અવસાન બદલ અમદાવાદ જ્ઞાતિ મંડળ અત્યંત ખેદની લાગણી અનુભવે છે અને એમના અવસાનની સખેદ નોંધ લે છે.

પૂ. જટુભાઇ આપણા સમસ્ત પરિવારો માટે વિવેકી વડલા સમાન હતા. આપણા સમસ્ત પરિવારોને એમની શીતળ છાયાની ઉષ્માસભર હૂંફ હતી. મૃદુ સ્વભાવના અને મિતભાષી જટુભાઇને હૈયે, જ્ઞાતિના છેવાડા સુધીના પરિવાર માટે અંતરની લાગણી હતી. તેઓશ્રી દ્વારા પ્રેરીત અને પોષિત - શૈક્ષણિક મેડિકલ અને અન્ય સમાજહિત પ્રવૃત્તિઓ આજે પૂર્ણતઃ પાંગરી છે.

દિવંગતના **'પરમ'** આત્માને **'ચરમ'** શાંતિ આપે તેવી પરમ કૃપાળુ પરમાત્માને અમદાવાદ જ્ઞાતિના સર્વે પરિવારોની અંતર પ્રાર્થના.

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

***— શ્રી કચ્છી મારૂ કંસારા સોની મંડળ - અમદાવાદ***

# શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ
## સામાજીક સમિતિ

## લગ્ન સંબંધ વિચ્છેદ સમાધાન અભિયાન

### ॥ સમજણનાં સૂર ॥

★ આજના કાળમાં 'લગ્ન પ્રસંગ'નું ગાંભીર્ય જ ચાલ્યું ગયું છે. વિવાહ એ સંસ્કાર ન રહેતાં સમારંભ બની ગયો છે... પાવિત્ર્ય કરતાં પ્રદર્શનનું વધારે મૂલ્ય છે. વિવાહ સંસ્કારનું પાવિત્ર્ય જળવાવું જોઈએ.

★ લગ્ન એ માનવજીવનની એક એવી ક્રિયા બની ગઈ છે કે લગ્નનો અર્થ ન સમજનાર મનુષ્યના પણ લગ્ન તો થઈ જ જાય છે......

★ લગ્ન એટલે પુરૂષના કર્તૃત્વ અને સ્ત્રીનાં સમર્પણનું સુભગ મિલન....

★ લગ્ન એ આજીવન સાથે રહેવાનું વ્રત છે, દીક્ષા છે.

### સપ્તપદી

**प्राहुः सप्तपदं मैत्रं बुधा**

– तत्वार्थदर्शिन

*(અર્થ : સાત પગલાં સાથે ચાલવાથી મૈત્રી થાય છે.)*

★ વિવાહ સંસ્કારમાં સપ્તપદીનું આગવું મહત્ત્વ છે.

★ સપ્તપદી એ ચિર સહવાસની પ્રતિજ્ઞાનું પ્રતીક છે.

*– પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી*

સાથે મળી
સમજણના સૂર
કેળવીએ

| | | |
|---|---|---|
| **સોની પ્રભુદાસ ખેતશી** | **સોની શિવલાલ શામજી** | **સોની પ્રેમજીભાઈ કેશવજી** |
| **પ્રમુખ** | **ચેરમેન - સામાજીક સમિતિ** | **મહામંત્રી** |

**સૌજન્ય : ભરતભાઈ બેચરદાસ બગ્ગા - નખત્રાણા**

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ

## નળ સરોવરના પ્રાકૃતિક સાન્નિધ્યમાં વાર્ષિક સ્નેહ મિલન

અમદાવાદ જ્ઞાતિનો વાર્ષિક સ્નેહમિલન ગત તા. ૧૮-૧૨-૨૦૧૧ ને રવિવારના નળ સરોવર ખાતે યોજાયેલ. અમદાવાદથી ૭૦ કિ.મી. દૂર આવેલ વિશાળ કુદરતી સરોવર શિયાળામાં યાયાવર પક્ષીઓનું મિલન સ્થાન બને છે. અહીં હજારો કિલોમીટર દુરથી રંગબેરંગી પક્ષીઓ આવે છે. સવારના પહોરમાં સમગ્ર સરોવર અને આસપાસનો વિસ્તાર નયનરમ્ય લાગે છે.

અમદાવાદ જ્ઞાતિ કારોબારી સમિતિ દ્વારા વાર્ષિક સ્નેહમિલન નળ સરોવર ખાતે યોજવાનું નક્કી કરવામાં આવેલ. અમદાવાદથી મોટી સંખ્યામાં જ્ઞાતિ પરિવારોએ નળ સરોવર આવી પ્રાકૃતિક સૌંદર્યનો લાભ લીધો. અમદાવાદ જ્ઞાતિ સંસ્થા દ્વારા બે લક્ઝરી બસની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવેલ. આ ઉપરાંત ઘણા પરિવારો પોતાના વાહન મારફતે વહેલી સવારથી નળ સરોવર પહોંચ્યા. ***નળ સરોવર ખાતે જ્ઞાતિ ઉપપ્રમુખ શ્રી ગિરીશભાઈ સોનીની પ્લોટીંગ સ્કીમ 'સરોવર હિલ' ખાતે ગિરીશભાઈ દ્વારા ખૂબ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. ક્લબ હાઉસની લોનની હરિયાળીએ જ્ઞાતિજનોના મન જીતી લીધા. મહેમાનોનું સ્વાગત 'વેલકમ ડ્રીંક' દ્વારા થયું.***

આ પ્રસંગે યોજાયેલ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભામાં માનદમંત્રી શ્રી અતુલ સોનીએ સંસ્થાની કામગીરીની માહિતી આપી. કાર્યક્રમના પ્રારંભમાં સમાજના અગ્રણી વડીલ શ્રી કાંતિભાઈ (પોપટભાઈ) સોનીના જન્મદિનની કેક કાપી ઉજવણી કરવામાં આવેલ. સૌએ સાથે મળીને કચ્છી ગામઠી ભોજનનો રસાસ્વાદ માણ્યો.

ભોજન બાદના બીજા સત્રમાં જ્ઞાતિના બાળકો દ્વારા સંસ્કૃતિ કૃતિઓ રજુ કરવામાં આવેલ. રાજ, દિતી, કશીશ, મનન, રાશી વિગેરેના ડાન્સ સૌએ મન ભરીને માણ્યા. જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું જાહેર સન્માન કરી ઇનામો આપવામાં આવ્યાં. ધોરણ-૧૦ (એસ.એસ.સી.) માં પ્રથમ આવેલ ઉર્વી હરીશચંદ્ર બુધ્ધભટ્ટી તથા દ્વિતીય સ્થાને રહેલ રીયા નરોત્તમભાઈ સોનીને દાતાશ્રી ઘનશ્યામભાઈ પરમાર તરફથી તથા ધોરણ-૧૨ માં પ્રથમ સ્થાને આવેલ કુલદીપ જયેશભાઈ ઘડિયાળી તથા દ્વિતીય સ્થાને રહેલ ખુશ્બુ બીમલભાઈ સોનીને દાતાશ્રી સ્વ. શંકરલાલ ચાંપશી (અંજાર) તરફથી ગોલ્ડ - સીલ્વર મેડલ આપવામાં આવેલ.

***નળ સરોવર ખાતેની વ્યવસ્થા તથા ભોજન સમારોહ માટે શ્રી ગિરીશભાઈ સોની તરફથી સૌજન્ય પ્રાપ્ત થયેલ. શ્રી રમેશભાઈ સોની તથા એક સદ્‌ગૃહસ્થ તરફથી પ્રાપ્ત થયેલ દાન બદલ હાર્દિક આભાર માનવામાં આવેલ.***

અમદાવાદ જ્ઞાતિ સંસ્થાની સ્થાપનાને દસ વર્ષ પૂર્ણ થયા. આ સમયગાળામાં સમાજની સંગઠિત શક્તિ દ્વારા ખૂબ સુંદર કામગીરી થયેલ છે તે બદલ સૌએ હર્ષ વ્યક્ત કરેલ. દેશના સમસ્ત જ્ઞાતિ સમાજને જોડતી કડી સમાન 'જ્ઞાતિ સેતુ'ના પ્રકાશનને મળેલ સફળતા સીમા ચિહ્ન રૂપ હોવાનું જણાવાયું.

આગામી બે વર્ષ માટે નવી કારોબારીની રચના કરવામાં આવેલ. વર્તમાન પ્રમુખશ્રી મનુભાઇ કોટડીયા દ્વારા પ્રમુખપદે શ્રી રમેશભાઇ વેલજી સોનીના નામનો પ્રસ્તાવ મુકતાં માનદ મંત્રી શ્રી અતુલ સોનીએ તેને ટેકો આપતા સર્વાનુમતે તેમની વરણી થયેલ. ઉપપ્રમુખપદે શ્રી સૂર્યકાંત સોની, માનદ મંત્રી પદે શ્રી રાજેન્દ્ર સોની, સહમંત્રી તરીકે શ્રી જયમીન સોની તથા ખજાનચી પદે શ્રી કનુભાઇ બીજલાણીની વરણી કરવામાં આવેલ.

સમાજ દ્વારા નિવૃત્ત માન. પ્રમુખ શ્રી મનુભાઇ કોટડીયાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. સ્થાપના સમયથી માનદમંત્રી રહેલ શ્રી અતુલ સોની તથા ઉપપ્રમુખ રહેલ શ્રી ગિરીશભાઇ સોનીની સેવાઓની ખાસ નોંધ લેવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી રમેશભાઇ સોની, શ્રી મનુભાઇ કોટડીયા, શ્રી ગિરીશભાઇ સોની, શ્રી અતુલ સોની, શ્રી રાજેન્દ્ર સોની, શ્રી જયમીનભાઇ સોની, શ્રી રશ્મિન સોની વિગેરેએ ભારે જહેમત ઉઠાવેલ.

શ્રી અતુલ સોની દ્વારા કાર્યક્રમના અંતે આભારવિધિ કરવામાં આવેલ.


## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ : નવગઠિત કારોબારી - હોદ્દેદારો



**શ્રી રમેશભાઈ વેલજીભાઈ સોની (પોમલ)**
**પ્રમુખ**
**મો. ૯૪૨૮૧ ૧૬૨૨૧**



**શ્રી સૂર્યકાંત મોહનભાઈ સોની (પોમલ)**
**ઉપપ્રમુખ**
**મો. ૯૬૮૭૦ ૭૫૬૩૩**



**શ્રી રાજુભાઈ કાંતિલાલ સોની (બારમેડા)**
**માનદ્ મંત્રી**
**મો. ૯૪૨૯૫ ૨૪૦૪૨**



**શ્રી કનુભાઈ એન. બીજલાણી**
**ખજાનચી**
**મો. ૯૨૭૬૮ ૪૦૯૧૩**

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ : કારોબારી સભ્યો

| | | | |
|---|---|---|---|
| શ્રી મનુભાઈ કોટડિયા | ૯૬૦૧૨ ૭૫૦૭૮ | શ્રી હસમુખભાઈ બારમેડા | ૯૮૨૪૩ ૨૧૩૨૯ |
| શ્રી ગિરીશભાઈ સોની | ૯૮૨૪૦ ૬૩૯૭૦ | શ્રી ઉદયભાઈ પરમાર | ૯૭૨૬૯ ૪૮૬૧૦ |
| શ્રી અતુલભાઈ સોની | ૯૭૨૫૦ ૩૮૧૪૦ | શ્રી નીલેશભાઈ પોમલ | ૯૪૨૭૭ ૬૦૨૬૬ |
| શ્રી તુલસીદાસ કંસાર | ૯૮૨૫૦ ૮૨૬૩૯ | શ્રી નરોત્તમભાઈ પોમલ | ૯૯૭૯૨ ૩૧૭૮૯ |
| શ્રી રશ્મિન બારમેડા | ૯૯૭૮૯ ૧૭૯૩૮ | શ્રી ચિરાગભાઈ બુધ્ધભટ્ટી | ૯૭૨૫૪ ૭૯૧૩૧ |
| શ્રી નરેન્દ્રભાઈ મહીચા | ૯૪૨૭૩ ૦૫૮૭૪ | | |

નળ સરોવર સાંનિધ્યે સ્નેહ મિલન




















નળ
સરોવર
સાંનિધ્યે
સ્નેહ
મિલન

















હંસરાજ કંસારા

## સ્થાપના અને સાતત્યના સીમાચિહ્નો

*સન ૨૦૧૨માં અમદાવાદ જ્ઞાતિ સમાજે એનો પ્રથમ દાયકો પૂરો કર્યાની પળે, 'સેતુ' એના આરંભ અને વિકાસ પ્રક્રિયાનું પૂર્વ પ્રમુખશ્રી મનુભાઇ કોટડિયા અને શ્રી અતુલ સોની સાથેની વાતચીત દ્વારા આછેરું અવલોકન કરે છે.*

અમદાવાદમાં હાલે આપણા સમાજના સોએક પરિવારોનો કાયમી વસવાટ છે. આરંભે અમદાવાદમાં આપણા પરિવારો બહુ જૂજ હતા. ૧૯૪૭માં ભારતના ભાગલા થયા ત્યારે કરાંચી તેમજ અન્ય સ્થળોએથી કેટલાક પરિવારો અહીં આવીને વસ્યા.

આ પરિવારોના વ્યવસાયો ભિન્ન હતા. વસવાટ છૂટોછવાયો હતો. પરિણામે અરસ પરસ સંવાદનું સાતત્ય નહોતું. તેમ છતાં, ૧૯૫૧-૫૨માં સ્વ. વિઠ્ઠલદાસ ટોપણ ઘડિયાળી, સ્વ. મોહનલાલ બુધ્ધભટ્ટી, સ્વ. નવલભાઇ બીજલાણી તેમજ એમના ભાઇઓ, દલપતભાઈ બુધ્ધભટ્ટી, પ્રતાપભાઈ અને રમણિકભાઈ પરમાર, લક્ષ્મીદાસભાઈ સાકરીયા, ભગવાનદાસ નાનજીભાઈ સોની, શ્યામભાઇ કંસારા વિ. જ્ઞાતિબંધુઓએ સંગઠીત થવાનો પ્રથમ પ્રયાસ કર્યો. જે ભલે સફળ ન થયો પરંતુ અરસપરસ ઓળખ વધી, 'પોતાનાં'ની ભાવના પ્રગટી. 'પોતાનાં'નો આ ભાવતંતુ વડિલશ્રી દલપતભાઈ બુધ્ધભટ્ટી, મનુભાઇ કોટડીયા, રમેશભાઇ સોની તેમજ અન્ય સમર્પિત જ્ઞાતિબંધુઓએ જીવંત રાખ્યો.

૨૦૦૧ના ભીષણ ભૂકંપ દરમ્યાન આ 'પોતાનાં' (અમદાવાદ અને કચ્છમાં)ને મદદ કરવાની અદમ્ય ઇચ્છા છતાં સામુહિક રીતે ખાસ કશું ન કરી શક્યાના અફસોસ સાથે, અમદાવાદમાં આપણા જ્ઞાતિ બંધુઓની સંગઠીત થવાની આકાંક્ષા પુનઃ જાગ્રત થઇ. આપણા સમાજના સમર્પિત મહાનુભાવો એકઠા થયા.

૨૬ જાન્યુઆરી, ૨૦૦૨માં શ્રી તુલસીદાસભાઇ બુધ્ધભટ્ટીના પ્રમુખપદે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળની સ્થાપના થઇ. સર્વશ્રી અતુલ સોની, શૈલેષ કંસારા, મનુભાઇ કોટડિયા, રમેશભાઇ સોની, સૂર્યકાંત સોની, પ્રશાંત બીજલાણી, રાજુભાઇ, ગિરિશભાઇ અને જયમીન સોની, જયેશ ઘડિયાળી, ચિરાગ બુધ્ધભટ્ટી, વિજય બુધ્ધભટ્ટી આદિ કાર્યકરોની કારોબારી સમિતિ કાર્યરત થઇ.

અમદાવાદ જ્ઞાતિ મંડળે સર્વપ્રથમ બૃહદ અમદાવાદમાં વસતા સમસ્ત પરિવારોના ઘેર ઘેર જઇને એમના નામ, સરનામા, વ્યવસાય, આદિ વિગતો એકત્ર કરી રાજુભાઇ સોનીના સહયોગથી પરિચય પુસ્તિકા પ્રગટ કરી. પરિણામે અહીં વસતા બધા પરિવારો વચ્ચે સંવાદ સ્થાપિત થયો. અમદાવાદ સમાજનું બીજું મહત્ત્વનું અને ગૌરવપ્રદ કદમ 'જ્ઞાતિ સેતુ' દ્વિ-માસિક સામયિકનું પ્રકાશન. એના થકી છેલ્લા સાત વર્ષમાં માત્ર અમદાવાદમાં જ નહીં પણ સમસ્ત ભારતમાં વસતા આપણા જ્ઞાતિબંધુઓ વચ્ચે માહિતી પ્રસારણ તેમજ અરસપરસ સંવાદ સાતત્ય જળવાયું છે.

શ્રી તુલસીદાસભાઇના વિદેશ રોકાણો તેમજ શૈલેષભાઇ ભુજ સ્થાયી થતાં ૨૦૦૩માં મનુભાઇ કોટડીયાના પ્રમુખપદે નીચે મુજબ કારોબારીની રચના થઇ. ગીરીશભાઇ સોની - ઉપપ્રમુખ, અતુલભાઇ સોની - માનદ્ મંત્રી, જયમીનભાઇ સોની - સહમંત્રી, રાજુભાઇ સોની - ખજાનચી, કારોબારી સભ્યો : જયેશ ઘડિયાળી, પ્રશાંત બગ્ગા, પ્રશાંત બિજલાણી, રમેશભાઇ સોની, ચિરાગ બુધ્ધભટ્ટી, વિજય બુધ્ધભટ્ટી અને સૂર્યકાંતભાઇ પોમલ.

આપણા મંડળે પ્રતિવર્ષ વાર્ષિક સ્નેહ મિલન, પ્રતિભા પ્રોત્સાહન તેમજ અન્ય સમાજલક્ષી પ્રવૃત્તિઓ ઉપરાંત નીચેના મહત્ત્વનાં કાર્યો પણ સંપન્ન કર્યા.

**(૧) મંડળનું બંધારણ :** મંડળની રચના બાદ બંધારણ ઘડવાની પ્રક્રિયા શરૂ થઈ. જેની એક વિશિષ્ટતા એ છે કે, અમદાવાદની આજુબાજુના શહેરો જેવા કે ગાંધીનગર, નડિયાદ, સાણંદ, આણંદ વિ. જ્યાં આપણા બહુ થોડા પરિવારો વસે છે, તેમને કેટલીક મર્યાદાઓ સાથે સભ્યપદ આપવું.

**(૨) મેડિકલ રાહત અને માર્ગદર્શન વ્યવસ્થા.**

આપણી જ્ઞાતિના કચ્છ તેમજ અન્યત્ર વસતા અનેક પરિવારો તબીબી સારવાર હેતુ અમદાવાદ આવે છે. એમને ગજા સંપત મદદ અને ખાસ તો માર્ગદર્શનની વ્યવસ્થા આપવા પૂરતા પ્રયાસો કરવામાં આવે છે. આ અંગે શ્રી અતુલ સોનીને પૂછતાં એમણે જણાવ્યું કે બહારથી આવતા દર્દીઓ તેમજ તેમના સગાંઓને પૂરતી સારવારના યોગ્ય સ્થળની / માહિતીની ખાસ આવશ્યક્તા હોય છે.

તદ્દુપરાંત લોહી માટે પૂર્તિની વ્યવસ્થા તેમજ અહીં ઈલાજ હેતુ આવતા દર્દીના સગાંઓ માટે રહેવાની વ્યવસ્થાની આવશ્યક્તા મુખ્ય હોઈ આવા પ્રસંગે સમાજના અગ્રણીઓ દરદીઓને રૂબરૂ મળી ગજા સંપત મદદરૂપ થવા પૂરતા પ્રયાસો કરે છે.

અન્ય જરૂરીયાતમાં અમદાવાદમાં વસતા પરિવારોને રાહત દરે 'તબીબી સુવિધા' મળે તે માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ સંચાલીત મેડિકલ સેન્ટરમાં ગોઠવણ કરવામાં આવી છે.

**૩. છાત્રાલય વ્યવસ્થા**

કચ્છ તેમજ અન્ય વિસ્તારોમાંથી અનેક છાત્રોને ઉચ્ચ અભ્યાસ હેતુ અમદાવાદમાં રહેવું પડે છે. આપણા અહીંના મંડળે આવા છાત્રોને શૈક્ષણિક સંસ્થાઓની નજીકમાં ભાડાના મકાનમાં વિશ્વાસપાત્ર રહેણાકની રાહત દરે વ્યવસ્થા ગોઠવી. જેનો ઘણા

છાત્રોએ લાભ પણ લીધો. જો કે ભાડાનું મકાન હોતાં, મકાન ખાલી કરવાની ફરજ પડતાં આ વ્યવસ્થા લાંબો વખત ચાલુ રાખી શકાઇ નહીં. એના વિશે શ્રી મનુભાઇ કોટડીયાને પૂછતાં એમણે જણાવ્યું કે, બે વર્ષના આ અનુભવે અમને સમજાયું છે કે, છાત્રાલય- આવશ્યક તો છે જ પણ એની વ્યવસ્થા સમાજનું પોતાનું મકાન હોય તો જ કરવી જોઇએ એ સબક મળ્યો.


સમાજની આગવી વ્યવસ્થા હોય તો આર્થિક રીતે અક્ષમ પરંતુ પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓને પણ રાહત આપી શકાય. આ વ્યવસ્થા મહદાંશે કચ્છ તેમજ અન્ય સ્થળોએ વસતા પરિવારોના છાત્રો માટેની હોય છે. એટલે સમસ્ત સમાજ આ અંગે વિચારે તો યોગ્ય આયોજન થઈ શકે. સમાજની એક પ્રાથમિક આવશ્યક્તાની પૂર્તિ થઈ શકે.

શ્રી મનુભાઇ તેમજ અતુલભાઇ સાથે એમના અનુભવો જાણવા થયેલી વાતચીતમાં સમાજ વિશે નીચેની વિશેષ બાબતો પણ જાણવા મળી.

૧. રોજના રૂપિયા એક લેખે સમાજના સર્વે સભ્ય પરિવારોનું યોગદાન.
૨. વિશેષ ઉપલબ્ધિ : કેન્સર હોસ્પિટલમાં પ્રોસ્થેસીસ વિભાગના વડા જ્યોતિબેન સોની કચ્છમાંથી આવતા કેન્સરના દર્દીઓને પોતાનાની હુંફ આપે છે અને બનતી મદદ કરે છે.
૩. દિલ્હી, જોધપુર તેમજ વિદેશના કેટલાય સ્થળોએ વસતા આપણા સમાજના શ્રેષ્ઠીઓનો 'સેતુ' માટે સહયોગ મળે છે.
૪. 'સેતુ' મેડિકલ તેમજ શિક્ષણ પ્રવૃત્તિઓ માટે અમદાવાદ ઉપરાંત અન્ય સ્થળોના શ્રેષ્ઠીઓનું યોગદાન મળે છે.

આમ, બૃહદ્ અમદાવાદમાં વસતા આપણા પરિવારો બહુ થોડા છે, એમનો વસવાટ છુટોછવાયો છે, વ્યવસાયો ભિન્ન છે, અરસપરસ હળવા મળવાના પ્રસંગો બહુ જ ઓછા બને છે. તેમ છતાં આ બધા પરિવારોને જે એક બાબત જકડી રાખે છે, તે છે **કચ્છીયત.** કચ્છનો વતની - સગો, વતનથી બહાર વસનારાને વધુ વહાલો લાગે છે. અને એ જ અમદાવાદ મંડળની તાકાત છે. અસ્તુ. ■

## પાંગરતી પ્રતિભા



અમદાવાદના **કુ. પ્રણાલી અતુલકુમાર સોની**, ચાર્ટર્ડ એકાઉન્ટન્સીની IPCC પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. 'જ્ઞાતિસેતુ' પરિવાર કુ. પ્રણાલીને હાર્દિક અભિનંદન પાઠવે છે તેમજ શિક્ષણ ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી કામના વ્યક્ત કરે છે.

***'જ્ઞાતિસેતુ' પરિવાર***

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની મંડળ - અમદાવાદ

અમદાવાદ મંડળની તાજેતરમાં મળેલી સામાન્ય સભામાં નવનિયુક્ત કારોબારી મંડળના હોદેદારોનો આછેરો પરિચય અત્રે પ્રસ્તુત છે.

### • શ્રી રમેશભાઇ સોની (પોમલ) : પ્રમુખ

તેઓશ્રીની સર્વાનુમતે પ્રમુખપદે વરણી થયેલ છે. શ્રી રમેશભાઇનો જન્મ નખત્રાણા (કચ્છ)ના ગામ ઉખેડા મધ્યે, તારીખ ૧૨ સપ્ટેમ્બર, ૧૯૫૩ના રોજ થયો. લગભગ ત્રીસેક વર્ષથી તેઓશ્રીનો અમદાવાદમાં સપરિવાર વસવાટ છે. 'ત્રિપુરારી જ્વેલર્સ' નામથી નરોડા વિસ્તારમાં એમનો સોના-ચાંદીના આભુષણનો શોરૂમ છે. અમદાવાદમાં જ્ઞાતિમંડળની સ્થાપના થઇ ત્યારથી એટલે કે લગભગ દસેક વર્ષથી સ્થાપક સભ્યોમાંના એક તરીકે તેઓશ્રી મંડળની પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. તેનાથી અગાઉ સાબરકાંઠા જ્ઞાતિમંડળ સાથે સંકળાયેલા છે. અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળની કારોબારીના પણ તેઓશ્રી સભ્ય છે. સંપર્ક : ૦૭૯-૨૨૮૨૦૪૪૬, મોબાઇલ : ૯૪૨૮૧૧૬૨૨૧

### • સૂર્યકાંત મોહનલાલ સોની (પોમલ) : ઉપપ્રમુખ

સૂર્યકાંતભાઇની સર્વાનુમતે ઉપપ્રમુખ તરીકે વરણી થઇ છે. તેઓશ્રીનો જન્મ અમદાવાદ મધ્યે ૨૨મી ડિસેમ્બર, ૧૯૫૨ને રોજ થયો. તેઓશ્રીનો ૬૦ વર્ષથી અમદાવાદ વસવાટ છે. સમાજમાં તેઓશ્રી સમાજના કાર્યકર્તા તરીકે સુરેશભાઇના હૂલામણા નામે જાણીતા છે. હાલનું મંડળ જેમાં તેઓશ્રી સ્થાપક સભ્યમાંના એક છે, સ્થપાયા પહેલાં તેઓશ્રી સાબરકાંઠા જ્ઞાતિ મંડળ સાથે સંકળાયેલા છે. એનાથી પણ અગાઉ-અમદાવાદમાં આપણી જ્ઞાતિના પરિવારોને સંગઠીત કરવાના જે કંઇ પ્રયાસો થયા તેમાં એમનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

તેઓશ્રી અમદાવાદની પ્રખ્યાત એડવર્ટાઇઝીંગ એજન્સી નવનીતલાલ એન્ડ કું. માં પ્રોડક્શન મેનેજર તરીકે કાર્યરત રહ્યા. થોડા સમય પહેલાં નિવૃત્ત થયા.

### • શ્રી કનુભાઈ એન. બીજલાણી : કોષાધ્યક્ષ

લગભગ છ દાયકાથી વધુ સમયથી અમદાવાદમાં સ્થાયી થયેલા બીજલાણી ભાઈઓના પરિવારોમાં નટવરલાલભાઈની આગવી ઓળખ હતી. શ્રી કનુભાઈ એમના સુપુત્ર છે. એમનો જન્મ તા. ૧૨-૧-૧૯૫૨ના રોજ અમદાવાદમાં જ થયો. પ્રારંભે સાઈકલ અને ક્રમશ ઓટોમોબાઈલ્સ અને હાલે રેડીમેડ ગારમેન્ટ્સના ઉદ્યમ સાથે સંકળાયેલા છે. જ્ઞાતિ - પ્રવૃત્તિમાં વર્ષોથી રસ લે છે. હાલના મંડળના સ્થાપક સભ્યોમાંના એક છે. ■

## જ્ઞાતિ ગૌરવ

★ **શ્રી અતુલ સોની** અને **શ્રી મનુભાઇ કોટડિયા**ની બૃહદ અમદાવાદ કચ્છી સમાજની નવગઠીત કારોબારીમાં માનદ્ મંત્રી અને કોષાધ્યક્ષપદે ફરીથી સર્વાનુમતે વરણી થયેલ છે.

શ્રી અતુલભાઇ, જેઓશ્રી અગાઉ કચ્છી સમાજના સહમંત્રી હતા ગત વર્ષે મંત્રીપદે નિયુક્ત થયેલા આ વર્ષની સામાન્ય સભા દ્વારા નવગઠીત કારોબારીમાં તેઓશ્રીની સર્વાનુમતે પુનઃ વરણી થયેલ છે.

શ્રી મનુભાઇ છેલ્લા સાતેક વર્ષથી સમાજમાં કોષાધ્યક્ષ પદે સેવાઓ આપે છે. આ વર્ષની સામાન્ય સભામાં પણ તેઓશ્રીને એ પદે ચાલુ રહેવા આગ્રહ થયો અને સર્વાનુમતે નવગઠીત કારોબારીમાં કોષાધ્યક્ષ પદે એમની પુનઃ વરણી થયેલ છે.

અમદાવાદમાં વસતા પાંચ હજારથી વધુ પરિવારોનું પ્રતિનિધિત્વ કરતી એકમાત્ર સંસ્થામાં પણ અમદાવાદના સૌથી નાનકડા એવા આપણા આ સમાજના બબ્બે કાર્યકરો ઉચ્ચ માનદ હોદ્દા ધરાવે છે તે ખરેખર આપણાં સમાજ માટે ખૂબ જ ગૌરવપ્રદ છે. અમદાવાદ જ્ઞાતિ મંડળના હાલના પ્રમુખ **શ્રી રમેશભાઈ સોની**ની પણ કચ્છી સમાજ - અમદાવાદની હાલે નવગઠિત કારોબારીમાં સભ્યપદે વરણી થયેલ છે.

અત્રે એ જણાવવું પણ અસ્થાને નહીં ગણાય કે આપણા મુખપત્ર 'જ્ઞાતિ સેતુ'ના મુખ્ય તંત્રીશ્રી હંસરાજભાઇ કંસારા પણ શ્રી કચ્છી સમાજના એકમાત્ર મુખપત્ર 'કચ્છ શ્રુતિ'ના છેલ્લા સાત વર્ષથી મુખ્ય તંત્રી તરીકે અને હાલે માનદ્ વરિષ્ઠ સલાહકાર તરીકેનું ગૌરવપ્રદ સ્થાન ધરાવે છે. 'જ્ઞાતિ સેતુ' તરફથી શ્રી અતુલ સોની, શ્રી મનુભાઇ કોટડિયા તેમજ શ્રી રમેશભાઈ સોનીને હાર્દિક અભિનંદન. ■

## અંધશ્રધ્ધાથી દૂર રહો

ભૂત.... છે જ નહીં. પ્રેત જેવું કશું જ નથી.

એલીમેલી પર વિશ્વાસ ન કરો... એ માત્ર ભ્રમ છે. એનું અસ્તિત્વ જ નથી. માતાજીનું આવવું એ પણ અસંભવિત છે... મોટે ભાગે મગજની નબળાઇ થકી જન્મેલો એ આવેશ હોય છે.

ભૂતપ્રેતનો ભ્રમ છે એવો જ દેવી, માતાજી, પિતૃ કે દેવતાઓનો પણ ભ્રમ છે (કોઇના શરીરમાં તે પ્રવેશે) એમાં કંઇ તથ્ય નથી. ભુવા-જ્યોતિષી, મંત્ર તંત્રવાળા દુઃખ મટાડવામાં સમર્થ રહે છે કારણ કે તે સૌ અર્થ લોભી હોય છે.

જ્યોતિષની વાતોમાં મનુષ્યના સાહસ અને ધૈર્ય નિર્બળ થઇ જાય છે. માટે એવી વાતો પર ધ્યાન દેવું યોગ્ય નથી. કોઇના શરીરમાં કોઇ ભૂતપ્રેત કે દેવ-દેવી લાલસા, વાસના કે નબળાઇના લીધે જ વ્યક્તિના મનમાં ભૂતપ્રેત કે દેવ-દેવીનો ભ્રમ થાય છે. આવા ચિત્ત ભ્રમથી બચવા માણસે સત્કર્મ / સારૂં વાંચન અને સત્સંગ કરવો જોઇએ.

*આર.પી. પોમલ - અંજાર*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવશે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની સ્થાપના તેની પૂરોગામી સંસ્થાના સ્વરૂપમાં તા. ૧૪-૪-૧૯૬૩નાં રોજ કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થા તેના વિવિધ તબક્કાઓના ચડતા-ઉતરતા ક્રમાંકમાંથી પસાર થઇને તા. ૧૪-૪-૨૦૧૨ થી ૫૦માં વર્ષમાં પ્રવેશ કરશે. તે કારણે તા. ૧૪-૪-૨૦૧૨ થી તા. ૧૩-૪-૨૦૧૩ સુધીના સંપૂર્ણ વર્ષને 'સુવર્ણ જયંતી મહોત્સવ' તરીકે સંસ્થા દ્વારા ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

હાલે આ સમાજે કચ્છની નામાંકિત હયાત વ્યક્તિઓનું એક લિસ્ટ તૈયાર કરવાનું નક્કી કર્યું છે. જે કચ્છીઓએ ભારતભરમાં અથવા તો વિશ્વમાં કોઇ પણ સ્થળે ઉદ્યોગ, વ્યાપાર, રાજકીય, સામાજિક, સેવાકીય, કલા કૌશલ્ય અથવા તે પ્રકારના અન્ય ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન પ્રદાન કર્યું હોય તેવી વ્યક્તિઓના નામ મોકલાવવા સંસ્થા દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

વધુમાં સંસ્થા સંચાલિત શ્રી કચ્છી વિશ્રામગૃહ, શાહીબાગ, અમદાવાદ ખાતે એક કચ્છ મ્યુઝિયમનું નિર્માણ થઇ રહ્યું છે. કચ્છની ઝાંખી કરાવતા મ્યુઝિયમને નજદીકનાં ભવિષ્યમાં આમ પ્રજા માટે ખુલ્લું મૂકવાની ગણતરી રાખવામાં આવી છે. પ્રસ્તુત મ્યુઝિયમમાં કચ્છનાં પાષાણયુગથી રાજાશાહી અને ત્યારથી અત્યાર સુધીના વિવિધ કલેક્શન દ્વારા કચ્છનાં બેનમૂન ભરતકામ, છાપકામ, હુન્નર ઉદ્યોગ, નક્શીકામ અને કચ્છની કલા, સંસ્કૃતિ વગેરે વિષય સંબંધિત માહિતી આમ જનતાને ઉપલબ્ધ કરાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે.

સમાજ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ ખાતે શ્રી જલારામ અન્નક્ષેત્રની યોજના હાલે અમલમાં છે. આ યોજના અંતર્ગત તબીબી સારવાર અર્થે કચ્છથી અમદાવાદ આવેલા દર્દીઓ અને સારવાર દરમિયાન વિશ્રામગૃહમાં દર્દીની સાથે રહેનારને સવારનાં ચા-નાસ્તો, બપોર અને સાંજનાં ભોજન વિના મૂલ્યે આપવાની વ્યવસ્થા આ યોજના હેઠળ કરવામાં આવી છે. શ્રી કચ્છી વિશ્રામગૃહ, અમદાવાદમાં સિવિલ હોસ્પિટલની તદ્દન નજીકમાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રથમ વર્ષનાં અંતે કુલ ૨૫,૬૦૫ વ્યક્તિઓ આ યોજનાનો લાભ લીધેલ છે અને તે માટે કુલ રૂા. ૫,૫૨,૭૮૬/- નો ખર્ચ કરવામાં આવ્યો છે. સમાજનાં આ પ્રકારનાં સેવાકાર્યને સારો આવકાર મળ્યો છે. ■

### સમજણના સૂર

*ન્યાય પ્રક્રિયા બેમાંથી એક ઘરમાં પ્રકાશ પાથરે*
*સમાધાનથી બંને ઘરમાં પ્રકાશ પથરાય*

*– અજ્ઞાત*

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ

લગ્ન વિચ્છેદ સમસ્યામાં સમાધાનકારી વલણ અપનાવવા માટે મહામંડળની સામાજીક સમિતિએ જે લોક શિક્ષણ અભિયાન "સમજણના સૂર" શરૂ કરેલ છે તેને અમદાવાદ જ્ઞાતિમંડળ હાર્દિક સમર્થન આપે છે અને આ અભિયાનમાં આવશ્યક સહકાર આપવાનો સમર્પિત ભાવ વ્યક્ત કરે છે.

સાથે મળી સમજણના સૂર કેળવીએ

| | |
|---|---|
| **રાજેન્દ્ર સોની** | **રમેશભાઈ વી. સોની** |
| માનદ્ મંત્રી | પ્રમુખ |

## "જ્ઞાતિસેતુ"ના વહાલા વાચકો જોગ

મહા મંડળની સામાજીક સમિતિના સમાધાન અભિયાન "સમજણના સૂર" માટે એક પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે આપ રેખાચિત્રો, ટુચકા, સ્લોગન આદિ 'જ્ઞાતિસેતુ'માં પ્રકાશન હેતુ મોકલી શકો છો. પસંદ કરેલ રચનાઓ 'જ્ઞાતિસેતુ'ના આગામી અંકોમાં ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવશે. શ્રેષ્ઠ રચનાઓ માટે વિજેતાઓને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.

આપની રચના નીચેના સરનામે મોકલાવવી.

**અતુલ એસ. સોની**

ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૭૨૫૦ ૩૮૧૪૦

| | |
|---|---|
| **અતુલ સોની** | **મનુભાઈ કોટડિયા** |
| સંયોજક | ચેરમેન |

**'જ્ઞાતિસેતુ' વ્યવસ્થાપક સમિતિ**

## સમજણના સૂર

એક પરમ સત્ય છે કે આપણે શત્રુઓને તો માફ કરી શકીએ છીએ કિંતુ **સ્વજન**ને માફ કરવામાં હંમેશાં અંચાઈ કરીએ છીએ. **અહંકાર** અને **અધિકાર**ને વચ્ચે લાવીને **નિકટ**ના સંબંધોને **વિકટ** બનાવી દઈએ છીએ. જ્યાં સ્નેહ હોય ત્યાં અહંકાર ન હોય અને જ્યાં સમર્પણ હોય ત્યાં કદી અધિકાર ન હોય.

***લગ્ન એટલે સ્નેહ અને સમર્પણનું મેઘધનુષ.***


*સૌ. 'હૈયાનો હસ્તમેળાપ'*

## શ્રી મારૂ કંસારા સોની સમાજ - નખત્રાણા, કચ્છ

તાજેતરમાં શ્રી નખત્રાણાં મારૂ કંસારા સોની સમાજની મળેલી મિટીંગમાં સર્વાનુમતે પ્રમુખ તરીકે શ્રી હીરાલાલ મોહનલાલ સોની, ઉપ પ્રમુખશ્રી હેમેન્દ્રભાઈ મોહનલાલ કંસારા અને શ્રી દિનેશભાઈ ભવાનજી કટ્ટા, મહામંત્રી શ્રી કિશોરભાઈ લખમશી કોટડિયા, મંત્રી શ્રી જયેશભાઈ મંગલદાસ સોલંકી અને શ્રી રમેશભાઈ ડુંગરશી કટ્ટા, ખજાનચી શ્રી જયરામ ધનજી બુધ્ધભટ્ટી, સહ ખજાનચી શ્રી મહેન્દ્રભાઈ મુળજી બગ્ગા તથા ૨૧ જેટલા કારોબારી સભ્યો અને પશ્ચિમ કચ્છના માજી પ્રમુખ શ્રી ભરતભાઈ બેચરલાલ બગ્ગા તથા વિદાય લેતા પ્રમુખ શ્રી હિંમતલાલ બેચરલાલ બગ્ગા તથા યુવક મંડળના પ્રમુખશ્રી પ્રફુલ કંસારા તથા મંત્રીશ્રી અને મહિલા મંડળના પ્રમુખ અને મંત્રીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.


***હીરાલાલ સોની***



શ્રી હીરાલાલ મોહનલાલ સોની
પ્રમુખ



શ્રી દિનેશભાઈ ભવાનજી ઠાકર
ઉપપ્રમુખ


શ્રી હેમેન્દ્ર મોહનલાલ કંસારા
ઉપપ્રમુખ


શ્રી કિશોરભાઈ લખમશી કોટડિયા
મહામંત્રી


શ્રી રમેશ ડુંગરશી સોની
મંત્રી


શ્રી જયરામ ધનજી બુધ્ધભટ્ટી
ખજાનચી



શ્રી જયેશ મંગલદાસ સોલંકી
સહમંત્રી

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - મુંબઈ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મુંબઈનો વાર્ષિક સ્નેહ મિલન રવિવાર, તા. ૧૩-૧૧-૨૦૧૧ ના રોજ અતિ આનંદ અને ઉત્સાહથી ઉજવાયેલ. જેમાં પ્રથમ દીપ પ્રાગટ્ય, પ્રમુખશ્રીનું પ્રવચન, જ્ઞાતિ મંડળની કાર્યવાહીનો ચિતાર રજુ કરવામાં આવેલ. ત્યારબાદ પ્રાથમિક અને માધ્યમિક પરીક્ષામાં ઉત્તીર્ણ બાળકોને પારિતોષિકો આપવામાં આવેલ. વિશેષ મહેમાન તરીકે ચંદાબેન બુધ્ધભટ્ટી ઉપસ્થિત રહેલ. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ અને સમુહ ભોજનનું આયોજન કરવામાં આવેલ. જ્ઞાતિજનોના સાથ-સહકાર બદલ ખાસ આભાર પ્રગટ કરવામાં આવેલ. અતિ આનંદ ઉલ્લાસ સાથે કાર્યક્રમ સમાપ્ત થયેલ.

***જયંતિલાલ સાકરીયા - જ્ઞાતિ પ્રમુખ મુંબઇ***

## શોકાંજલી


**જ્ઞાતિ વડીલ પૂજ્ય શામજીભાઈ**

અંજાર જ્ઞાતિના સન્માનીય અગ્રણી અને વડીલ શામજીભાઈનું અચાનક, અકાળે દુ:ખદ અવસાન બદલ "અમદાવાદ જ્ઞાતિ મંડળ" અત્યંત શોકની લાગણી અનુભવે છે અને એમના અવસાનની સખેદ નોંધ લે છે.

તેઓશ્રી સમાજ-હિતના કાર્યોમાં સદા અગ્રેસર રહેતા.

સ્વ. શામજીભાઈ અંજાર જ્ઞાતિના વટવૃક્ષ સમાન હતા. સમસ્ત કચ્છમાં વસતા આપણા પરિવારોમાં એમની સુવાસ હતી.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ આપે. એમના બહોળા પરિવારને તેમજ જ્ઞાતિ સમસ્તને એમની ખોટ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.


**ૐ શાંતિ શાંતિ શાંતિ.....**

***શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ***

# શ્રી અખિલ ભારતીય કચ્છી મારુ કંસારા સોની મહામંડળ
## સામાજીક સમિતિ

## સમાધાન અભિયાન

॥ કુર્યાત્ સદા મંગલમ ॥



## સંબંધ વિચ્છેદ

આપણા સમાજમાં
છેલ્લા કેટલાક વર્ષથી લગ્ન સંબંધ વિચ્છેદની સમસ્યા વકરતી જાય છે
સમાજ હિતેચ્છુઓને એની ચિંતા થાય છે

## છે કોઇ ઉપાય?

'હા' અવશ્ય છે!
ઉભય પક્ષે-સમજણના સૂર થકી-

## સમાધાન

આવો, આપણે સહુ સાથે મળી સમસ્યાનો સામનો કરીએ
'સમાધાન અભિયાન' સક્રિય કરીએ.....

સાથે મળી
સમજણના સૂર
કેળવીએ

| | | |
|---|---|---|
| **સોની પ્રભુદાસ ખેતશી** | **સોની શિવલાલ શામજી** | **સોની પ્રેમજીભાઈ કેશવજી** |
| **પ્રમુખ** | **ચેરમેન - સામાજીક સમિતિ** | **મહામંત્રી** |

**સૌજન્ય : મીના જ્વેલર્સ - ભુજ**

# આપણાં પરિવારો : મણકો (૪)

તુલસીદાસ કંસારા

- **દામાણી બુદ્ધભટ્ટી :**

વિક્રમ સંવત ૨૦૬૮ના પ્રારંભે, ભાઈબીજને દિવસે, હું જ્યારે નેવાર્ક (અમેરિકામાં ન્યુયોર્કની બાજુમાં આવેલ એરપોર્ટ) થી જેટ એરવેઝની ફ્લાઇટમાં બેઠો અને એરક્રાફ્ટ ઢળતી સાંજે, હડસન નદી ઉપરથી વહેતી ઠંડી હવામાં પવન વેગે રનવે ઉપર દોડતાં દોડતાં ઊંચકાઇ રહ્યું હતું, ત્યારે થયેલ એનાઉન્સમેન્ટે મારા મગજમાં એક ગૌરવની લાગણી સર્જીને હૈયાને પુલકિત કરી દીધું. એ પ્લેનમાં ત્યારે ગુંજેલા આ પાંચ શબ્દો "કેપ્ટન બુદ્ધભટ્ટી ઇઝ ઇન કમાન્ડ" હજુ મારા કાનમાં રણકી રહ્યા છે. મેં આ સાંભળીને એરહોસ્ટેસને કહેલ કે, ધીસ બુદ્ધભટ્ટી મસ્ટ બી ભરત. તેણીએ સામો સવાલ કરેલ કે હાઉ ડુ યુ નો? ત્યારે મેં થોડા અહં ભાવમિશ્રીત ગૌરવ સાથે કહેલ કે ઇન્ડિયામાં માત્ર બેજ બુધ્ધભટ્ટી પાઇલોટો છે, જેમાંથી એક રીટાયર્ડ છે અને બીજા મારા કઝીન ભરત જ હોઇ શકે. આ સાંભળીને મારૂં નામ નોંધીને મારા હેપ્પી દિવાલી અને ન્યુ ઇયરના ગુડ વિશીસ કોકપીટમાં તુરત જ પહોંચાડવામાં આવેલ અને મને બ્રસેલ્સ સુધી ઉત્તમ સુવિધાઓ આઠ-દસ કલાક સુધી મળતી રહેલ. ત્યારબાદ ક્રુ-ચેન્જ પછી સુકાની બદલાઇ ગયેલ.

અત્યારે આપણે ઇસુની એકવીસમી સદીના બીજા દાયકામાં જીવી રહ્યા છીએ ત્યારે ઓગણીસમી સદીના છેલ્લા દાયકામાં જન્મેલ આપણી જ્ઞાતિ અને દામાણી બુદ્ધભટ્ટી પરિવારના, ઉપર જણાવેલ ભરત રતિલાલ કેશવજી રણછોડ બુદ્ધભટ્ટીના પિત્રાઇ દાદા શ્રી મોતીલાલ રણછોડની વાત કરવાની છે.

એક ઝળહળતી કારર્કિદી અને આત્મસૂઝ સાથે સૌમ્ય વ્યક્તિત્વના માલિક એવા સ્વ. રોટેરીયન મોતીલાલ રણછોડ બુદ્ધભટ્ટી (જ. તા. ૧૧-૭-૧૮૯૫) વિશે, મારી ભુજની મુલાકાત વખતે તેમના પૌત્ર શ્રી ભરતભાઇ કાંતિલાલ બુદ્ધભટ્ટી પાસેથી મળેલ માહિતીના આધારે, અહીં પ્રસ્તુત ખાસ ખાસ ગૌરવપ્રદ વિગતો જાણીશું, જે કારર્કિદીની શરૂઆત કરી રહેલ મારા ઘણા



યુવા મિત્રોને પ્રેરણાદાયક બની રહેશે.

આજથી સો વરસ પહેલાં સત્તર વરસની ઉમંગભરી ઉંમરે તેઓ મુંબઇની વિક્ટોરીયા જ્યુબિલી ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટમાં ઓટોમોબાઇલ એન્જીનિયરીંગના વિદ્યાર્થી તરીકે શિક્ષણ મેળવવા જાય છે અને બે વરસ બાદ તે જ્ઞાનનો ઉપયોગ ઍડન જઇને કાવસજી દિનશા એન્ડ કું.ની મોટર ગેરેજના ફોરમેન તરીકે કરી, ચાર વરસ સુધી અનુભવનું ભાથું ૧૯૧૪થી બાંધે છે, જે ભાથું તેમની આગળની કારર્કિદી ઘડવામાં મહત્ત્વનો ખોરાક પૂરો પાડે છે.

૧૯૧૯માં વિદેશથી પરત આવી કચ્છ રાજની મોટર ગેરેજ તેમજ આઇસ ફેક્ટરીમાં સહાયક મિકેનીકલ એન્જીનીયર તરીકે હોદ્દો સંભાળી બાવાનો વિશ્વાસ સંપાદન કરે છે. (કચ્છી બોલીમાં બાવા એ તે સમયના કચ્છના રાજાઓ માટેનો માનવાચક શબ્દ હતો.) ૧૯૧૯થી ૧૯૨૪નો પાંચ વરસનો સમય તેમની કારર્કિદીનો પાયાનો સમય હતો અને નાની ઉંમરમાં જ તેમણે કચ્છ રાજની પ્રથમ મોટર ટ્રાન્સપોર્ટ સર્વિસનું આયોજન કરી તેના ઉપર ૨૪ વરસો સુધી દેખરેખ રાખવાની જવાબદારી સંભાળી.

યોગાનુયોગ, આ કુટુંબને કચ્છના વાહન વ્યવહાર સાથે સારૂં એવું લેણું હશે, કારણકે તેમના કાકા (એ જમાનાના એ.એમ.આઇ.સી.ઇ., સી.ઇ. : કૂપર્સ હિલ-લંડન : ) શ્રી કે.એસ. બુદ્ધભટ્ટી, (જેમનું આખું નામ કેશવજી શામજી બુદ્ધભટ્ટી - જે દેવકરણના ભાઇ શામજીના પુત્ર એટલે કે મોતીલાલભાઇના દાદા દેવકરણના ભાઇના પુત્ર હોવાના નાતે કાકા થાય) કચ્છ રાજમાં આપણી જ્ઞાતિના પ્રથમ સ્ટેટ એન્જીનીયર તરીકે નિમણૂંક પામેલ. તેમણે ૧૯૦૩માં કચ્છમાં પ્રથમ રેલવેનો પાયો નાખવાનું માન મળેલ, અને તેઓ લંડનમાં પ્રથમ ક્રમાંકે એન્જીનીયરની ડિગ્રી મેળવીને વિક્ટોરિયા ક્રોસ અને ગોલ્ડ મેડલથી સન્માનીત થયેલ હતા. અત્યારે પાકિસ્તાનમાં આવેલ કરાંચી બંદરના વિકાસની જવાબદારી અઢાર સ્ટીમરો એક સાથે લાંગરી શકે એવી ૧૮ ગોદીઓ બનાવડાવીને પૂરી કરેલ. જેના પ્રતીકરૂપે ત્યારની બ્રિટિશ સરકારે તેમના નામની એકએક ફુટના અક્ષરોની તકતીઓ કરાંચીના ક્યામારી પુલ ઉપર જડાવેલ. જેનો ઉલ્લેખ આપણા જ્ઞાતિસેતુના સ્વર્ણિમ સમાજ અંક (ઓક્ટો.-નવે. ૨૦૦૮) માં તેમના પુત્ર શ્રી દલપતભાઇના મુખે કહેવાયેલ વાત ઉપરથી નોંધાયેલ છે.

આ કરાંચી બંદર તેમજ કચ્છની રેલવેલાઇનના આદ્ય સ્થાપક જ્ઞાતિ રત્ન શ્રી કેશવજીભાઇ શામજીના પગલે તેમના ભત્રીજાએ પેસેન્જરોની સવલત માટે કચ્છમાં પ્રથમ બસ સેવાનો આરંભ કરાવ્યો અને આગળ જતાં રોડ ટ્રાન્સપોર્ટ ઉપરાંત ૧૯૨૯માં "સરીતા" નામની ડિઝલ બોટની ડિઝાઇનથી કરીને નિર્માણ સુધીનું કાર્ય કર્યું અને ૧૯૩૪માં મહારાઓના મોજશોખ માટે "રંગમતી" નામના યાચ તરીકે ઓળખાતી મોટી બોટનું નિર્માણ કરીને પત્રકારોને કચ્છની ક્રાફ્ટમેનશીપની ખાત્રી કરાવવા મુંબઇ-માંડવી-કરાંચીની સફર કરાવી.

આજ દરિયાઇ યાતાયાતના મહાવરાને કારણે તેમને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન (૧૯૩૯-૪૫) ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા માટે બાર્જીસ (દરિયામાં માલવહન માટે વપરાતા લોખંડ કે લાકડાના મોટા તરાપાઓ)નું નિર્માણ કર્યું અને ૧૯૪૧માં કચ્છ રાજની સેન્ટ્રલ વોર કમિટીના સભ્યપદે રહેવાનું માન મળ્યું. અને આજ સમયમાં તેમની કારર્કિદીમાં પ્રમોશનથી ૧૯૪૨માં કચ્છ રાજ્યમાં મિકેનીકલ એન્જીનીયર તરીકે નિમણૂંક થઇ અને રોડ ટ્રાન્સપોર્ટના રાષ્ટ્રીયકરણ બાદ તેનું નામ કચ્છ સ્ટેટ રોડ

મોટર ટ્રાન્સપોર્ટ સર્વિસ થયું ત્યારે તેની કમિટીમાં મેનેજીંગ સભ્ય તરીકે લેવામાં આવેલ.

શ્રી મોતીલાલભાઈની કુશાગ્ર બુદ્ધિ અને કામ લેવાની કાબેલિયતને કારણે મહારાઓશ્રીના વિશ્વાસુ રહીને તેમની સાથે ઇજીપ્ત અને સુદાનની સફર કરેલ, તેમજ એબીસીનીયા અને બ્રિટીશ સોમાલીલેન્ડ (૧૯૨૬) અને ટાંગાનીકા (૧૯૨૯) ની મુલાકાત લીધેલ અને તે અગાઉ તેઓ ઇંગ્લેન્ડ, ફ્રાંસ, બેલ્જીયમ, હોલેન્ડ, ઇટાલી, વિ. યુરોપીયન દેશોની મુલાકાતો પણ લઇ ચૂકેલ. આમ વિવિધ દેશોની જાત માહિતીએ તેમના ઇજનેરી વ્યક્તિત્વને ઘડવામાં અગત્યનો ભાગ ભજવેલ હોવાનું જણાય છે.

- **કોટડિયા પરિવાર - અમદાવાદ :**

ભાઇશ્રી પ્રવિણચંદ્ર બગ્ગાએ આપણા પૂર્વજોનો ઇતિહાસ નામે જ્ઞાતિ સેતુના ઓક્ટો.-નવે. ૦૮ના લેખમાં જણાવ્યા પ્રમાણે આપણા પૌરાણિક ઋષિઓના વિભિન્ન નામો જેવા કે, અત્રિ, કશ્યપ, વશિષ્ઠ, ગૌતમ વિગેરે ઉપરથી ૮૪ અટકો સ્થાપિત થયેલ છે. જેમાં કોટડિયા, કથીરીઆ, નથુમલ, સકરીયા વિગેરે અટકો અત્રિ ઋષિના કુળમાંથી આવેલ છે.

આ કોટડિયા નુખ ધરાવતા શ્રી મનુભાઇ કોટડિયાએ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અમદાવાદની નળ સરોવર ખાતે તાજેતરમાં જ મળેલ સામાન્ય સભામાં જેમણે પોતાના પ્રમુખપદના હોદ્દા ઉપરથી સ્વેચ્છાએ નિવૃત્તિ સ્વીકારી, તેમના દાદા કે પરદાદાએ અમદાવાદમાં વસવાટ કરેલ. આમ તો આ પરિવારના વડવાઓ કચ્છમાં ઉઘેડીનામે ગામમાં વસવાટ કરતા હતા જેમાં પહેલું નામ મળે છે ઉંમરશીભાઇનું જેમના પુત્ર ભાણજી, અને તેમની પેઢીમાં થઇ ગયા બે પુત્રો ધનજી અને વાઘજી. વાઘજીભાઇના પાંચ પુત્રોમાં ટોપણદાસ, ખીમજી, અબજી, ગોપાલજી અને લખમશી. ટોપણદાસના ચાર પુત્રો જેઠાલાલ, વિઠ્ઠલદાસ, દિનકર અને અશોક અને વિઠ્ઠલદાસના ત્રણ પુત્રોમાં આપણે વાત કરી તે મનુભાઇ, જેમણે જાત મહેનતથી પોતાનો ટેલીફોન લાઇન ડિસ્ટ્રીબ્યુશન, ટેલીકમ્યુનીકેશનના ટાવર્સ ઉભા કરવા વિગેરે ટેકનીકલ લાઇનનો ધંધો વિકસાવ્યો. તેઓ અત્યારે પણ કચ્છી સમાજ - અમદાવાદમાં ખજાનચી તરીકે કાર્યરત છે અને તેમના પરિવારનું કચ્છી સમાજમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટેના દાનમાંથી દર વરસે ઇનામો આપવામાં આવે છે. તેમના ભાઇ શ્રી રાજેશભાઇ, એન્જીનીયર છે અને ભારત સંચાર નિગમમાં ડિવીઝનલ મેનેજરનો ઉચ્ચ હોદ્દો ધરાવે છે. તેમના બીજા ભાઇ શ્રી કિરીટભાઇ સ્વિટઝરલેન્ડમાં સ્થાયી થયેલ છે અને પોતાનો પરંપરાગત ઘડિયાળનો બિઝનેસ સંભાળે છે. કોટડિયા પરિવારના અન્ય સભ્યો વિશેની માહિતી મળ્યેથી હવે પછીના મણકામાં આવરી લેવામાં આવશે.

- **કોટડિયા પરિવાર - ન્યુ દિલ્હી :**

આ પરિવાર કચ્છથી ઇસ્ટ આફ્રિકા ઇશુની કઇ સદીમાં ગયેલ અને તેન વડવાઓ કોણ હતા તે માહિતી હજુ બાકી છે, પરંતુ તે પરિવારમાંથી શીવજી મુલજી જેઠાના એક પુત્ર શ્રી નરેન્દ્રભાઇ ૧૯૬૫માં શ્રીમતી ઇન્દિરા ગાંધીના આમંત્રણને માન આપીને ટી.વી. ક્ષેત્રે પદાર્પણ કરવા પોતાના પરિવાર સાથે સ્વદેશ આવીને દિલ્હીમાં વસવાટ કર્યાનું ભાઇશ્રી પરેશે જ્ઞાતિ સેતુના ઓક્ટો.- નવે. ૨૦૦૮ના અંકમાં નોંધેલ છે. આ પરિવાર અત્યારે કોટડિયાને બદલે તેમના પરદાદાના નામ ઉપરથી જેઠા તરીકે ઓળખાય છે અને સ્વ. નરેન્દ્રભાઇના એક પુત્ર શ્રી વિમલ જેઠાભાઇ ઝવેરી નામની જ્વેલરી શોપ ન્યુ દિલ્હી-સાઉથના મીની ન્યુયોર્ક તરીકે જાણીતા વિસ્તાર વસંત લોકમાં ચલાવે છે. તેજ લેખમાં ઉલ્લેખ કર્યા મુજબ તેઓ જ્યોતિષીનું પણ સારૂં એવું જ્ઞાન ધરાવે છે અને મીફા સન્માન, દિગ્વિજય એવોર્ડ, ભારતભૂષણ એવોર્ડ, જ્યોતિષ વિશ્વવિજય એવોર્ડ, શ્રી ચૈતન્ય એવોર્ડ, બંગાળના રાજ્યપાલને હસ્તે મળેલ ગોલ્ડન ઍચિવમેન્ટ ઍવોર્ડ વિગેરેથી સન્માનીત છે અને આ વિષયની કોલમ પણ લખે છે. શ્રી વિમલભાઇના હાથમાં પણ જશરેખા હોવી જોઇએ કારણકે તેઓ જે પણ કામ હાથમાં લે છે તેમાં માન-અકરામ મળતા જ રહે છે. જેમકે જ્વેલરી ડિઝાઇનીંગમાં તેમને સોનાંજલિ એવોર્ડ- ૧૯૯૯ થી સન્માનવામાં આવેલ, તો ૨૧મી સદીની શરૂઆતમાં સાલ ૨૦૦૦માં જ્વેલરી ડિઝાઇન કોમ્પિટિશન ઇટાલીમાં તેમની પસંદગી થઇ. ૨૦૦૩માં બેસ્ટ શોરૂમ ઓફ ડાયમંડ સીઝન-૩નો એવોર્ડ મળ્યો તો ૨૦૦૪માં સુપર સ્ટાર એમ્બેસેડરનો તેમજ પ્લેટીનમ સેલ્સ એક્સેલન્સ એવોર્ડ મળ્યા. તેમના મોટા ભાઇ શ્રી કૌશિકભાઇ ન્યુ દિલ્હીના ચાણક્યપુરી વિસ્તારમાં જ્વેલરીનો શો રૂમ સંભાળે છે.

- **એક એસ.એમ.એસ. :**

One day you will ask me which is more important? My life or yours? I will say mine and you will walk away not knowing that you are my life.


*– Khalil Gibran*

**તા.ક.** : ઉપર આપેલ માહિતીમાં સુધારો અને વધારો સૂચવવા માટે tulsi_66@yahoo.in ઇ-મેઇલનો ઉપયોગ કરવા માટે વિનંતી. તેમજ આ કોલમને રસપ્રદ બનાવવા માટે પોત-પોતાની પેઢીના વડવાઓ કે પુત્ર-પુત્રીઓએ મેળવેલ સિધ્ધીને લગતા દસ્તાવેજો, ફોટોગ્રાફ્સ વિગેરે મોકલવા ખુલ્લું આમંત્રણ છે, જેથી દરેક પરિવારની એક સુગ્રંથીત માહિતીનો સેતુ આપણા જ્ઞાતિસેતુમાં રચાય. ફેઇસબુક ઉપરના દરેક ગ્રુપ મિત્રોને વિનંતી કે પોતપોતાના પરિવારની વંશાવલી તૈયાર કરે.

*ગળાકાપ હરીફાઈના આધુનિક યુગમાં 'સંઘબળ' અતિ આવશ્યક છે જે આપણા સમાજના સર્વે પરિવારો વચ્ચે અરસપરસ જાણકારી અને સંવાદ થકી જ વિકસે.*


*"સંઘમ શરણમ્ ગચ્છામિ."*

## શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ
## સામાજીક સમિતિ



**લગ્ન સંબંધ વિચ્છેદ**
**સમાધાન અભિયાન**

આભે વિહરતા
દાંપત્યજીવનના
પતંગની દોર ગૂંચવાય
ત્યારે ગુંચ ઉકેલવા
ધીરજથી કોશિશ કરીએ.
સમજણના સૂર
કેળવીએ....



સાથે મળી
**સમજણના સૂર**
કેળવીએ

| | | |
|---|---|---|
| **સોની પ્રભુદાસ ખેતશી** | **સોની શિવલાલ શામજી** | **સોની પ્રેમજીભાઈ કેશવજી** |
| **પ્રમુખ** | **ચેરમેન - સામાજીક સમિતિ** | **મહામંત્રી** |

**સૌજન્ય : બકુલભાઈ જયંતીલાલ ગુજરાતી - ભુજ**

# e-filing of Income Tax & VAT Returns

સમીર રમેશચંદ્ર કંસારા - ભુજ

આજના વિકસતા જતા કોમ્પ્યુટર યુગ (IT યુગ)માં દરેક કાર્યમાં કોમ્પ્યુટરની મદદથી ઝડપી અને સરળ બની રહ્યા છે. ઘરવપરાશ, ઓફિસ કામ, દુકાનો, સરકારી કચેરીઓ, બેંક, કોલેજ, શાળા તમામ સ્થળોએ કોમ્પ્યુટર દ્વારા કાર્ય હાથ ધરાય છે. માટે કહી શકાય કે "જ્યાં જ્યાં નજર મારી પડે, યાદી ભરી ત્યાં આપની"....


કોમ્પ્યુટર વપરાશ એટલે માત્ર કોમ્પ્યુટરનો પ્રત્યક્ષ ઉપયોગ કરવો એજ નહિ.... પરંતુ કોમ્પ્યુટર પધ્ધતિ (system), તેના ઉપસાધનો (peripharals), કોમ્પ્યુટરની બનાવટો, ઇત્યાદિનો ઉપયોગ....

જેમકે ઘર વપરાશમાં TV, Fridge, ઓફિસમાં Computer, Printer, Internet વિગેરે....

દુનિયાના વિકાસમાં વિકસતા દેશોનો ફાળો ખૂબજ હોય છે. એમાં ભારતનું પ્રદાન વધતું જાય છે. આ વિકાસ માટે Information Technology (IT)નો સિંહફાળો નોંધપાત્ર છે. વિકાસનો આધાર ઝડપી માહિતી અને ઝડપી સેવા પર રહેલો છે. આ અંગે IT ખૂબજ મદદરૂપ સાબિત થયું છે. જેમકે બેંકમાંથી રોકડ ઉપાડ માટે ATMનો ઉપયોગ, Fund Transfer માટે Net Bankingનો ઉપયોગ, રેલવે, એરલાઇન્સ કે Travelling માટે e-Ticket. તેવી જ રીતે સરકાર દેશના વિકાસ માટે e-governanceને વધુ મહત્ત્વ આપી રહી છે. જેના ભાગરૂપે e-filing of Returns, e-documentation અને e-tax અથવા online tax payment. આપણે અહીં તે અંગે મહત્ત્વના બે પરિબળોની આજે વાત કરીશું. તે છે, e-filing of return અને online tax payment.

### e-filing of Returns :

સરકારી વિભાગોમાં અનેક વ્યક્તિ, વેપારી, કોર્પોરેટ સંસ્થાઓ ઇત્યાદીએ અનેક પ્રકારના રીર્ટન (પત્રક) ભરવાના હોય છે. જેમાં મુખ્યત્વે નીચે મુજબ છે.



સમીર કંસારા

૧. આવક વેરા વિભાગ - ઇન્કમટેક્ષ રીટર્ન્સ
૨. વેચાણવેરા વિભાગ - વેટ રીટર્ન્સ
૩. કસ્ટમ / એક્સાઇઝ - એક્સાઇઝ રીટર્ન્સ
૪. સર્વિસ ટેક્ષ - સર્વિસ ટેક્ષ રીટર્ન્સ વિગેરે

આ બધા રીટર્ન્સ (પત્રકો)માં સૌથી મહત્ત્વના અને સૌને સ્પર્શતા બે રીટર્ન્સ છે : (૧) આવકવેરા રીટર્ન (Income Tax Returns), (૨) વેચાણવેરા રીટર્ન્સ (VAT Returns)

આ બંને રીટર્ન્સ online થઇ શકે છે. જેની વિગત નીચે મુજબ છે.

## INCOME TAX RETURN

સૌ પ્રથમ આપણે એ જાણવું જરૂરી છે કે આવકવેરા રીર્ટન કોણે ભરવા ફરજીયાત છે?

આવકવેરા રીટર્ન આવકવેરા કાયદા, ૧૯૬૧ની જોગવાઇઓને આધિન જેની વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોય તેણે ભરવા ફરજીયાત છે. આવકવેરા ધારા અન્વયે કરદાતાઓને સાત વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

(૧) વ્યક્તિગત (Individual)
(૨) હિન્દુ અવિભક્ત કુટુંબ (HUF)
(૩) ભાગીદારી પેઢી (Partnership Firm)
(૪) એસોસિએશન ઓફ પર્સન્સ / બૉડી ઓફ ઇન્ડીવિડયુઅલ (AOP / BOI)
(૫) કંપની (Companies)
(૬) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા (Local Authority)
(૭) અન્ય કૃત્રિમ વ્યક્તિ (Every Artificial Judicial persons)

આ તમામ કરદાતાઓએ વર્ષ દરમ્યાન આવક પર આવકવેરો ભરવા પાત્ર થાય છે. જેમાં અમુક મર્યાદા સુધી છૂટ છે.

અત્યારે આપણે વ્યક્તિગત (Individual)ની વાત કરીએ તો તેના આવકના સ્લેબ નીચે મુજબ છે.

★ વ્યક્તિ - પુરૂષ (૬૦ વર્ષથી ઓછી ઉંમર)
રૂા. ૧,૬૦,૦૦૦ વાર્ષિક મર્યાદા
★ સ્ત્રી (૬૦ વર્ષથી ઓછી ઉંમર)
રૂા. ૧,૯૦,૦૦૦ વાર્ષિક મર્યાદા
★ સ્ત્રી કે પુરૂષ (૬૦ વર્ષથી વધુ ઉંમર) Senior Citizen
રૂા. ૨,૪૦,૦૦૦ વાર્ષિક મર્યાદા.

આમ, ઉપરોક્ત મર્યાદા કરતા વધુ આવક ધરાવનારા વ્યક્તિને જોગવાઇઓને આધીન આવકવેરા ભરવો પડે છે. આવકવેરો ભર્યા પછી આવકની માહિતી દર્શાવતું વાર્ષિક પત્રક પણ ભરવું પડે છે જેને આવકવેરા રીર્ટન (Income Tax Return) કહેવાય છે. હાલમાં આવકના વર્ગીકરણ પ્રમાણે નીચે મુજબના જુદા-જુદા આવકવેરા રીર્ટન ભરી શકાય છે (ITR)

૧. ITR-1 - પગારદાર માટે
૨. ITR-2 - પગાર તથા અન્ય આવક/ મકાન મિલ્કત સહિત
૩. ITR-3 - ભાગીદારી પેઢીમાંથી આવક
૪. ITR-4 - ધંધા વ્યવસાયની આવક
૫. ITR-5 - ભાગીદારી પેઢી માટે
૬. ITR-6 - કંપની માટે
૭. ITR-7 - Trust માટે
૮. ITR-8 - FBT માટે

ઉપર મુજબમાંથી જે ITR લાગુ પડતું હોય તે નિયત ફોર્મમાં ભરી નિયત સમયમર્યાદામાં આવકવેરા કચેરી અથવા તો online ભરી શકાય છે. Online Return,

Internetના માધ્યમ દ્વારા ભરી શકાય છે જેના સ્ટેપ નીચે મુજબ છે.

૧) સૌ પ્રથમ Income Taxની Website Open કરો.

www.incometaxindia.gov.in

૨) તેના પર ડાબી બાજુ File Return Onlineના વિકલ્પ પર ક્લીક કરો.

૩) ક્લિક કરવાથી નવું page ખુલશે, જેના પર સૌથી પ્રથમ તમારા PAN નંબર વડે Registration કરાવો.

૪) Registrationમાં તમારૂં PAN નામ, પિતાનું નામ, અટક, જન્મ તારીખ, મોબાઈલમાં e-mail ID વિગત મૂકો.

૫) આમ કરવાથી તમારા PAN રજીસ્ટર થશે અને તેની Link તમારા ID પર આવશે.

૬) તમારા e-mail ID પર આવેલ URL પર Click કરી તમારા PAN અને Password વડે તમારૂં ખાતું ખોલો.

૭) ખાતુ ખોલ્યા પછી જે વર્ષનું આવકવેરા રીર્ટન ભરવું હોય તે select કરો.

૮) ત્યારબાદ કયું ITR Upload કરવું છે તે select કરો.

૯) તમે જે ITR ભરવા માંગો છો તેની સૌપ્રથમ xml file તૈયાર કરી લો.

૧૦) હવે તે xml fileને upload કરો.

૧૧) File upload થયા પછી તેના પર upload sucessfullનો message આવશે. અને તેના પરથી તમારા રીર્ટન રસીદ acknowledgement સ્કીન પર આવશે, જેની print લઈ લેશો.

૧૨) આ acknowledgementની એક નકલ સહી કરી IT Deptt.-CPC બેંગલોરને મોકલવાની રહેશે.

**e-Returnના ફાયદા :**

૧) ઝડપી processing

૨) રીફંડ તાત્કાલિક મળે છે.

૩) આવકવેરા કચેરીએ જવું પડતું નથી.

૪) ૨૪ કલાક service / ગમે ત્યારે ભરી શકાય છે.

૫) Assessment ઝડપી થાય છે.

## VAT RETURNS

VAT રીર્ટન એ ખરીદી/વેચાણ કે વસ્તુના ઉત્પાદન કરનારા વ્યાપારી/કંપનીને ભરવાના હોય છે. ગુજરાતમાં કોમર્શિયલ ટેક્ષ ડિપાર્ટમેન્ટ (અગાઉ વેચાણવેરા ખાતું) આ કામગીરી સંભાળે છે. જેની મુખ્ય જોગવાઈ એવી છે કે જે વેપારીનું ખરીદ/વેચાણનું વાર્ષિક ટર્નઓવર રૂા. પાંચ લાખથી વધુ હોય તેણે મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ હેઠળ રજીસ્ટ્રેશન કરાવવું પડે છે. આ રજીસ્ટ્રેશનમાં વેપારીએ પોતાના ધંધા/રહેણાંકના પુરાવા, Identi proof વિગેરે આપવાના હોય છે. રૂા. ૧૦૦૦૦/- ની જામીનગીરી આપવાની રહે છે. મરજીયાત રજી. અંગે રૂા. ૨૫૦૦૦/- ની વધારાની ડિપોઝીટ ભરવી પડે છે. આમ, રજી. કરાવવાથી વેપારીને TIN નંબર મળે છે. એટલે કે Tax Payers Identification Number TIN નંબર મેળવનાર છે કે વેપારીએ તેની નિયત સમય મર્યાદામાં માસિક, કે ત્રિમાસીક અને વાર્ષિક રીર્ટન ભરવાના હોય છે. જે વેપારીઓનું ટર્નઓવર રૂા. ૧ કરોડથી વધુ હોય, ગુજરાત બહાર ખરીદ/વેચાણ કરતા હોય, exporter હોય તેઓ e-return કરવા ફરજીયાત છે. આ ઉપરાંત કોઈપણ વેપારી e-filing દ્વારા વેટ રીર્ટન ભરી શકે છે.

**e-filing માટેની procedure**

૧) સૌપ્રથમ કોમર્શિયલ ટેક્ષની વેબસાઈટ ખોલો

www.commercialtaxgujarat.gov.in

૨) તેના ડાબી સાઈડ પર sign up પર ક્લીક કરી રજી. કરાવો.

૩) રજી. માં તમારો TIN નંબર Id તરીકે રહેશે, ઉપરાંત નામ, PAN નંબર, e-mail વિગેરે વિગતો આપો.

૪) રજી. થયા પછી Id અને password વડે login કરો.

૫) ડાબી સાઈડ પર e-return optionના પર ક્લીક કરી, period select કરો. જેમકે Oct. થી Dec. 2011.

૬) ત્યારબાદ તમને લાગુ પડતા પત્રકો જેવા કે નમૂનો 201, 201A, 201B, 201C cml.file કે CSV.file upload કરો. આ ફાઈલમાં મુખ્યત્વે તમારા ખરીદ/વેચાણ વિગત તથા વસૂલ કરેલ અને ભરેલ વેરાની વિગત, ટેક્ષ credit અથવા ભરવાપાત્ર/ભરેલ વેટની ચલનની વિગત ભરવાની હોય છે.

૭) રીર્ટન અપલોડ કર્યા પછી તેની acknowledgement generate કરો. જેની એક નકલ સહી કરી તમારા વેટ અધિકારીને મોકલવી.

**ONLINE RETURNના ફાયદા**

૧. ઝડપી પ્રક્રિયા

૨. રીફંડ તાત્કાલિક મળી શકે છે.

૩. ધારાકીય Forms (C, H, વિગેરે જલ્દી મળે છે.)

૪. ઝડપી Assessment થઈ શકે છે.

૫. ૨૪ કલાક service મળે છે.



આ લગ્ન માટે જેટલા ખર્ચ નથી થતાં તેટલા છૂટાછેડા માટે થાય છે!

# લીડરશીપ વિકસાવી શકાય છે

મીતા એન. સોલંકી - ભુજ

*નમસ્કાર, વાચકમિત્રો,*

દરેક વખતની જેમ આજે પણ એક નવા વિચાર સાથે આપની સમક્ષ પ્રસ્તુત થતા હર્ષની લાગણી થાય છે કે વાચકમિત્રોને હું કાંઇક 'વિચારવાનું' ભાથુ આપી રહી છું.

સામાજીક લેવલ પર જોઉં છું કે સફળતા મેળવવા માટે કેવા અને કેટલાક ગુણો આપણામાં હોય તો આપણે સફળ 'પ્રમુખ' કે લીડર બની શકાય છે.

મારા નાના સંકુલ ભુજના અરિહંતનગર મહિલા મંડળના પ્રમુખપદે સફળતાપૂર્વક રહ્યા પછી આ મુદ્દો વાચકો સમક્ષ રજુ કરવું હું યોગ્ય સમજું છું.

લીડર જન્મે છે, બનતા નથી. એ જુની ઉક્તિમાં સમયોચીત પરિવર્તન લાવવું જરૂરી છે. લીડર બની શકાય છે. જરૂર છે માત્ર જુસ્સાની! હમેશા સફળ લીડર જુસ્સો, પેશનવાળો જ હોય છે.

જીવનમાં દરેક વ્યક્તિ ક્યાંકને ક્યાંક લીડર તરીકે કામ કરે છે. નાના એવા ટોળામાં પણ એક લીડર તો હોય જ છે!

દરેક વ્યક્તિમાં નેતૃત્વ શક્તિ તો રહેલી હોય જ છે, માત્ર કેટલીક વખત તેનો ઉપયોગ સારી રીતે કરી શકતા હોય છે!

નેતૃત્વ ધરાવતી વ્યક્તિને પોતાનું અસ્તિત્વ મહત્ત્વનું લાગતું હોય છે, ગર્વ લેવું ગમતું હોય છે.

લીડરમાં પ્રભાવિત કરવાની અને અસર છોડવાની શક્તિ રહેલી હોય છે.

પોતાના ગુણ, જ્ઞાન, સમજ અને આવડતના આધારે તે પાવર મેળવે છે અને હોદ્દાની રૂએ જે પોઝીશન પાવર મળે છે તેનું સમન્વય કરી અને સફળ બને છે.

સફળ લીડર બહુ સારો વક્તા હોય છે. પોતાની જાણકારી અસરકારક રજુઆત કરી શકે તે સફળ લીડર બને છે!

વ્યાખ્યામાં બાંધીએ તો લીડરશીપ એટલે પ્રભાવિત કરવાની, અસર પાડવાની શક્તિનો સમન્વય. "ઘરમાં સિંહ, બહાર બકરી" આ ઉક્તિ ઘણી વ્યક્તિને બંધબેસતી આવે છે. ઘરમાં તે વ્યક્તિ પાવર બતાવતી ફરે છે, પરંતુ બહારની દુનિયામાં તેનું ગજુ વાગતું નથી હોતું!

કોઇ પણ લીડરનો સૌથી મોટા ગુણ દૂરદર્શી હોય છે, 'વિઝન' હોય છે. જેટલું વિઝન સ્પષ્ટ અને લાંબાગાળાનું હોય તેટલો લીડર અસરકારક!

આવનારા સમયનું આયોજન, તકો ઊભી કરવી, સમસ્યાઓનો સામનો કરવો એ બાબત વિશે ચોક્કસ ગણતરી હોય છે.

નેતૃત્વના મુખ્ય ગુણોમાંથી એક છે નિષ્ઠા. નિષ્ઠાપૂર્વક કરવામાં આવેલા કામની ક્વોલિટી લોકો સમક્ષ રજુ કરવામાં આવે ત્યારે તેમની નિષ્ઠાની બાંહેધરી મળતી જોવા મળે છે. તેઓ હમેશાં જીવ રેડીને કામ કરતા જોવા મળ્યા છે.

સંબંધો બાંધવાની કળા લીડરને સફળતા અપાવવામાં સિંહફાળો આપતી હોય છે.

ઉપરોક્ત ગુણો જ્યારે એક વ્યક્તિમાં હોય ત્યારે તે એક સફળ લીડર બને છે અને અનુસરણીય બને છે. લોકોને શ્રધ્ધા હોય છે કે તેઓ તેમને નુકસાન નહીં પહોંચાડે.

જાહેરમાં અપમાન કરવાવાળા નેતાઓ પોતાની સાથે કામ કરનાર વ્યક્તિ પાસે સારી રીતે કામ કરાવી શકતા નથી, ભારતીયોમાં માનવ વ્યવહારનું ઘણું મહત્વ રહેલું છે.

લીડરમાં જુસ્સો મહત્ત્વની ભૂમિકા ભજવે છે!

દિશા બદલવી, વિચારો બદલવા, પહેલ કરવી, ટોળાશાહીથી અલગ પડવું સહેલું નથી. ઘણા બધા નેગેટીવ પાસાઓનો સામનો કરવો પડતો હોય છે! આપણા સમાજની માનસિકતા ટોળામાં જ રહેવાની છે. ટોળાથી અલગ થવામાં પોતાને અસલામત સમજતા હોય છે. એકલા પડી જવાના ભયને કારણે લોકો ટોળા જેવી જીંદગી પસાર કરતા હોય છે, નવું કરતા ખચકાય છે!

મહદઅંશે નેતૃત્વ ધરાવનાર વ્યક્તિમાં આ 'બીક' હોતી નથી.

ટુંકમાં લીડર થવું હોય તો પહેલ કરો, નિર્ણય લેનારા બનો. ઉપરોક્ત ગુણોને વિકસાવો અને જમાનાના 'બોસ' બનો. તે બનવા ટેબલ-ખુરશીની આવશ્યકતા પણ નથી. દરેક વ્યક્તિ કોઇને કોઇ ક્ષેત્રમાં લીડર છે જ. સાંભળ્યું છે કે ગરૂડ જેવા પક્ષીને પણ આકાશમાં ઉડવા પાંખો તો ફેલાવવી જ પડે છે પછી તો SKY IS THE LIMIT (સ્કાય ઇઝ ધિ લીમીટ!)



મેં તેને સત્ય સમજાવ્યું કે, તમને કોઈ દિકરી દેવું ન હતું ને મને કોઈ લેવું ન હતું. તોય હજુ તમને છૂટાછેડા લેવા છે!



વેવાઈ છૂટાછેડાના વિચારો ને છૂટાછેડા આપી, મારા દિકરાને તમારો દિકરો સમજો. હું તમારી દિકરીને મારી દિકરી સમજું છું!

જ્ઞાતિ ગૌરવ

## CA શ્રી અરૂણકુમારની આર્બીટ્રેટરની પેનલ પર નિયુક્તિ




શ્રી અરૂણકુમાર ઠાકરશી કંસારા ઇન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડિયા દ્વારા 'આર્બીટ્રેટર' પેનલમાં નિયુક્ત થયા છે. કેન્દ્રિય તેમજ રાજ્યોની ચેમ્બર્સ ઑફ કોમર્સ અગ્રીમ ઔદ્યોગિક અને કોમર્શિયલ સંસ્થાઓ તેમજ જ્યુડિશીયલ બૉડીસ અને ટોચની રેગ્યુલેટરી ઓથોરીટીસ આ પેનલ પરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની આર્બિટ્રેટર તરીકે સેવાઓ લે છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્સીના વ્યવસાયમાં આર્બીટ્રેટર્સની પેનલ પર હોવું ખૂબ જ ગૌરવપ્રદ ગણાય છે. ગત માસની ૧૬મી ડિસેમ્બરના રોજ અમદાવાદમાં ઇન્સ્ટીટ્યુટ દ્વારા આયોજીત કાર્યક્રમ દરમ્યાન શ્રી અરૂણકુમારને આર્બીટ્રેટર માટેની નિયત પરીક્ષા ઉત્તીર્ણ કર્યાનું અને એમને પેનલમાં મુક્યા બાબતનું પ્રમાણપત્ર ગુજરાત સરકારના માનનીય ઉદ્યોગ મંત્રી શ્રી સૌરભ પટેલની ઉપસ્થિતિમાં CA ઈન્સ્ટીટ્યુટના પ્રેસીડેન્ટ રામસ્વામીના વરદ્ હસ્તે એનાયત થયું.

શ્રી અરૂણકુમાર કંસારા, આપણી જ્ઞાતિના સર્વપ્રથમ (૧૯૭૭) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેઓશ્રી હાલે ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટીલાઇઝર્સ કો-ઓપરેટીવ લિ.ના કલોલ યુનીટમાં જનરલ મેનેજર ફાઇનાન્સના ઉચ્ચપદે કાર્યરત છે. આપણા અમદાવાદ જ્ઞાતિ સમાજ સાથે આરંભથી જ તેઓશ્રી સંકળાયેલા છે.

શ્રી અરૂણકુમારને 'જ્ઞાતિ સેતુ'ના હાર્દિક અભિનંદન

## માનકુવાની મેઘાવી સુપુત્રી - કુ. જાગૃતિ મહીચા




માનકુવા (તા. ભુજ) ગામની મેઘાવી સુપુત્રી જાગૃતિ પ્રકાશભાઇ સોનીએ પોતાની કલ્પનાતિત કારકિર્દીની કેડી કંડારવા કપરા સંજોગોમાંથી પસાર થઇને હાલમાં તેણે કઠીન કહી શકાય એવા સિધ્ધીનાં સોપાનો સર કર્યા છે.

ભણવામાં ખૂબજ હોંશિયાર જાગૃતિએ પ્રાથમિક શિક્ષણ માનકુવામાં પસાર કરીને ધોરણ ૧૨માં ૯૦ ટકા માર્કસ મેળવ્યા. ધો. ૧૨માં ભણતી હતી ત્યારથી જ એ MBA થવાનાં સ્વપ્ના જોતી હતી.

ધોરણ ૧૨મા હાઇએસ્ટ માર્કસ મળવાથી એણે અમદાવાદની H.L. કોલેજ (નવરંગપુરા)માં BBA (બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન)માં એડમિશન મેળવવા પૂરા પ્રયત્નો કર્યા. પરંતુ પરિવારનું આર્થિક પાસું નબળું હોવાથી કોલેજે એડમિશન આપ્યું નહીં. પરંતુ હૈયામાં હામ અને મનમાં દઢ વિશ્વાસ હોય તો કુદરત પણ સાથ આપતી હોય છે, એ ન્યાયે મા સરસ્વતીનાં આશીર્વાદ અને એનાં પિતાજી શ્રી પ્રકાશકુમાર સોનીનાં મિત્ર અને પરિવારનાં સ્નેહી એવા માનકુવાનાં વતની અને કડવા પાટીદાર સમાજનાં યુવા અગ્રણી શ્રી પ્રેમજીભાઇ કેશરાણીનાં સંનિષ્ઠ પ્રયત્નોથી અંતે એને અમદાવાદની H.L. કોલેજમાંજ BBAમાં એડમિશન મળી ગયું. અને એજ કોલેજમાં પાંચમાં રેન્કમાં આવી. ત્યારપછી CAT, SNAP, અને IBSATમાં પ્રવેશ મેળવ્યો. ત્યારબાદ હૈદ્રાબાદની બિઝનેસ કોલેજમાં ઇન્ટરવ્યુ આપ્યો અને તેની પસંદગી થઇ.

કુ. જાગૃતિએ માનકુવાની બેંકમાંથી શ્રી પ્રેમજીભાઇ કેશરાણીની મદદથી લોન લઇને MBA કર્યું. જોકે નસીબ બે ડગલા આગળ હોવાથી મંદીનાં કારણે એપોઇન્ટમેન્ટમાં મોડું થયું. હાલમાં આપણી આ તેજસ્વીની એ મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢીને મુંબઇમાં ફોર્ટ ખાતે બેંક ઓફ મહારાષ્ટ્રમાં (સ્કેલ-II પર) મેનેજર પદે આરૂઢ છે. (FOREX BACK OFFICE IN TREASURY IB) જાગૃતિનાં પિતા હાલે એમના પરિવાર સાથે રાયપુર (છત્તીસગઢ) ખાતે ધંધાર્થે વસવાટ કરે છે.

## ખેલકૂદ તેમજ અભ્યાસક્ષેત્રે મંથન પોમલે મેળવી બેવડી સિધ્ધી




વિદ્યા ભારતી અખિલ ભારતીય શિક્ષા સંસ્થાન સંબધ્ધ અને વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ આયોજીત વિભાગીય ખેલકૂદ સમારોહ એંકરવાલા સરસ્વતી વિદ્યા મંદિર-ભુજ તરફથી કચ્છ વિભાગ દ્વારા ભચાઉ ખાતે આયોજીત ખેલકૂદ સમારોહમાં દોડ હરીફાઇમાં શ્રી મંથન વિનયભાઇ પોમલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. આગામી ફેબ્રુઆરી માસમાં પ્રદેશ કક્ષાએ ઉંઝા (ગુજરાત) મુકામે મંથન ભાગ લેવા જશે.

મંથન હાલ ધોરણ-૭માં અભ્યાસ કરે છે અને ધોરણ છઠ્ઠામાં શાળામાં પ્રથમ નંબરે પાસ થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અભ્યાસમાં હંમેશા પ્રથમ ક્રમે રહેતા તેમજ સંગીત ક્ષેત્રે પણ પ્રથમ રહેતા અને સ્વામિનારાયણ ઉચ્ચ માધ્યમિકમાં હાલ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ (બી ગ્રુપ)માં અભ્યાસ કરતા પાર્થ પોમલનાં તેઓ લઘુબંધુ છે. મંથનને બાલવર્ગમાં ઉત્સાહપૂર્વક ભાગ લઇને પોતાની શક્તિનું વિશિષ્ટ યોગ્યતા સાથે સુંદર પ્રદર્શન કરવા બદલ શાળા પરિવાર તરફથી ઠેર ઠેર અભિનંદન મળી રહ્યા છે.

# કોમ્પ્યુટરનો કક્કો – ૨૩

તુલસીદાસ એલ. કંસારા




## હાર્ડવેર

- **એ.ટી.એમ. (ઓટોમેટેડ ટેલર મશીન) :**

આ મશીનના નામથી બેંકમાં ખાતાં ધરાવનાર ભાગ્યે જ અજાણ હશે. તમારા બેંકના ખાતામાંથી રોકડ રકમ કાઢવા માટે, ખાતામાં બેલેન્સ જોવા માટે તેમજ તમારા એટીએમ કાર્ડનો કે નેટબેન્કીંગનો પીન નંબર બદલાવવા માટે તેનો ઉપયોગ થાય છે. વળી ઈન્ટરનેશનલ ટ્રાવેલર્સ બીજા દેશમાં પોતાના કાર્ડનો ઉપયોગ કરીને પોતાના ખાતામાંથી ફોરેન એક્ષ્ચેન્જ પણ મેળવી શકે છે. દા.ત. અહિં રૂપિયામાં ખાતું છે અને અમેરિકાના ટેલર મશીનમાંથી રોકડ કાઢવાની થાય તો ત્યાં ડોલરમાં મળી શકે છે અને તેના એક્ષ્ચેન્જ રેઈટ પણ હોલસેલના ભાવના હોવાથી બેસ્ટ રેઈટ મળે છે.

આ મશીનનો મોટામાં મોટો ફાયદો એ છે કે તેમાં વચ્ચે કોઇ માનવીય દખલગીરી નથી તેથી તમે તમારું ખાતું શાંતિથી જોઇ શકો છો તેમજ જોઇએ તે સમયે અને અનુકૂળતા મુજબની રકમ કાઢી શકો છો. આ મશીનની શોધ જહોન શેફર્ડ બેરોને કરેલ અને તેનો પ્રથમ ઉપયોગ ૧૯૬૫માં બાર્કલેસ બેંક, એન્ફીલ્ડ, યુ.કે.માં થયેલ હોવાનું જણાય છે. આ મશીનના ઉપયોગ માટે આપવામાં આવતા એટીએમ કાર્ડ પ્લાસ્ટીકના બનાવેલ હોય છે અને તેમાં તકેદારીના પગલા તરીકે તમારા ખાતાની ઓળખ આપતી મેગ્નેટીક પટ્ટી કે ચીપ નાખવામાં આવેલ હોય છે. આ કાર્ડ જયારે એટીએમ મશીનના સ્લોટમાં દાખલ કરવામાં આવે છે ત્યારે કાર્ડમાં અંકિત થયેલ થયેલ તમારો યુનીક આઇડેન્ટીફીકેશન નંબર મશીન વાંચી લ્યે છે અને તુરત જ તમારા નામ સાથે તમને વેલકમ કરે છે. તદુપરાંત તમને આપવામાં આવેલ પાસવર્ડ કે પીન નંબર તમે તેમાં દાખલ કરો એટલે તમારૂં ખાતું જોઇ શકાતું હોય છે તેમજ તેમાંથી જોઇતી રકમ કાઢી શકાતી હોય છે.

- **રેમ (RAM - Random Access Memory) અને રોમ (ROM - Read Only Memory) મેમરી વચ્ચેના તફાવત :**

કમ્પ્યુટરમાં આ બે જાતની મેમરી હોય છે જે તેને ચાલુ કર્યા પછી ચલાવવા માટે તેમજ તેમાં સ્ટોર થયેલ પ્રોગ્રામો તેમજ માહિતીને જોવા માટે તેમજ તેની સાથે કામ લેવા માટે ઉપયોગમાં આવે છે.

૧. રેમ મેમરી કમ્પ્યુટર ચાલુ થયા બાદ ઓપરેટીંગ સિસ્ટમ, સોફ્ટવેર પ્રોગ્રામો તેમજ તેની પ્રક્રિયાને ચલાવવા માટે ઉપયોગમાં આવે છે. જ્યારે રોમ મેમરી તમારા કમ્પ્યુટરમાં પહેલેથી જ લખાઇને આવતી હોય છે જેમાં કમ્પ્યુટરને ચાલૂ કરવા માટે, બુટીંગ કરવા માટે, જરૂરી સૂચનો છે.

૨. રેમ મેમરીમાં ડેટાને જાળવી રાખવા માટે ઈલેક્ટ્રીસીટીનો કરંટ ચાલુ હોવો, પાવર ઓન હોવો જરૂરી છે જયારે રોમ મેમરીમાં અંકિત થયેલ સૂચનો ઈલેક્ટ્રીસીટીના કરંટ વિના, જયારે કમ્પ્યુટરનો પાવર ઓફ હોય, ત્યારે પણ જેમના તેમજ પડેલ હોય છે.

૩. રેમ એક અસ્થિર કે ક્ષણિક મેમરી છે, તેમાં રહેલ ડેટા કાયમી રીતે લખાયેલ હોતા નથી અને કમ્પ્યુટર બંધ થાય, પાવર ઓફ થાય ત્યારે, ડેટા ઉડી જતો હોય છે. જયારે રોમમાં લખાયેલ સૂચનો કાયમી પ્રકારના છે અને પાવર ઓફ થાય ત્યારે પણ ઉડી નથી જતા.

૪. રેમ વિવિધ પ્રકારની આવતી હોય છે, જેવીકે ડી-રેમ એટલે કે ડાયનામીક રેમ અને એસ-રેમ નામે સ્ટેટીક રેમ.

૫. રોમ પણ અનેક પ્રકારની આવે છે જેવીકે પી-રોમ (પ્રોગ્રામેબલ રીડ ઓનલી મેમરી) જે બ્લેન્ક મેમરી તરીકે બનાવવામાં આવે છે દા.ત. સીડી-રોમ અને ઇ-રોમ (ઇરેઝીબલ પ્રોગ્રામેબલ રીડ ઓનલી મેમરી).

ઉપર મુજબના તફાવતો સામે બન્નેમાં સરખાપણું એ છે કે બન્ને મેમરી કમ્પ્યુટરને ચલાવવા માટે જરૂરી છે.

## સોફ્ટવેર

- **"કોપી-પેસ્ટ" ને પકડવાનું ટૂલ "એટલે ટર્ન-ઇટ-ઇન" :**

ફેઇસબુક, ગુગલબુક્સ અને વિકીપીડીયાના જમાનામાં, આજકાલ કોપી-પેસ્ટનો ધંધો ખૂબ ચાલે છે. વાત તો ત્યાં સુધી વણસી છે કે કેટલાયે લેઝીબોય કે લેઝીબમ જેને આપણે આળસુના પીર કહીએ છીએ તેવા વિદ્યાર્થીઓ પણ આ "કોપી-પેસ્ટ"ને સહારે પીએચડી સુધી ભણી જતા હોય છે અને પોતાના નામની આગળ ડોક્ટરનું છોગું લગાડતા હોય છે, પછી નામની પાછળ ભલે કોઇ ખરેખર લાયકાત ધરાવતી ડિગ્રીના હોય!! આવા "કોપી-પેસ્ટ"ને પ્લાગીયારીસ્ટ કહેવામાં આવે છે અને આવા કામને પ્લાગીયારીઝમ કહેવાય. પ્લાગીયારીઝમ (Plagiarism) શબ્દનો અર્થ થાય છે બીજાના વિચાર કે લખાણની ચોરી કરી તેને પોતાના તરીકે છાપી મારવાનું કૃત્ય. મૂળ તો આ શબ્દ લેટીન ભાષાનો પ્લાગીઆરે, જેનો અર્થ થાય છે ઉપાડી જવું, કિડનેપ કે એબડક્ટ કરવું. તેનો ઉપયોગ અંગ્રેજી ભાષામાં સોળમી સદી દરમિયાનમાં શરૂ થયેલ. આવા "કોપી-પેસ્ટ" વિદ્વાનોને આ ભ્રષ્ટ-આચારના જમાનામાં ડિગ્રી તો મળી જાય છે પરંતુ તેમની થીસીસ કે પ્રોજેક્ટને લગતું કામ મળતું નથી અથવા તો તેમાં નામ ડોક્ટર કેમલ વૈદ્ય હોય પરંતુ ઊંટ વૈધની જેમ તેઓ મીસ-ફીટ થાય છે. તો યુનિવર્સિટી કે કોલેજના વિદ્વાન પ્રોફેસરો જે આવા વિદ્યાર્થીઓના પેપર્સ ને ચેક કરતા હોય છે તેમને દરેક વિચાર, વિભાવના (કન્સેપ્ટ) કે લખાણના સોર્સ ચેક કરવાનો સમય પણ કદાચ નહિં મળતો હોય કારણ કે કમ્પ્યુટરના આગમન સાથે ઈન્ટરનેટને લીધે માહિતીનો

વિસ્ફોટ થયેલ છે, પરંતુ તેની સાથે મેચીંગ ટૂલ્સ દરેક સંસ્થાઓમાં હોતા નથી અને જુની પેઢીને તેનો વપરાશ પણ ફાવતો હોતો નથી. તો આવી સંસ્થાઓ અને પ્રોફેસરોની મદદે બે સોફ્ટવેરો છે જેમાં એક પ્રોપાઇટરી સોફ્ટવેરનું નામ છે ટર્નઇટઇન અને તેના હરીફ પરંતુ ફ્રી કે ઓપન સોફ્ટવેરનું નામ છે વાઇપર.

- **ટર્ન-ઇટ-ઇન :**

આ સોફ્ટવેર આવી "કોપી-પેસ્ટ" ની ચોરીને પકડી પાડે છે. આઇ-પારાડિગમ્સ, એલએલસી, નામની કંપનીએ તે બહાર પાડેલ જેનો વપરાશ વિશ્વવિદ્યાલયો અને કોલેજો તેમજ હાઇસ્કૂલો અને અન્ય જ્ઞાન વિતરણના કામકાજમાં રોકાયેલ સંસ્થાઓ કરતા હોય છે. અલબત્ત આપણે ત્યાં હજૂ આવા સોફ્ટવેરનો ઉપયોગ પ્રમાણમાં નહિંવત જ થાય છે.

ટર્નઇટઇનના વપરાશ કરવા ઇચ્છનારાઓએ તેનું લાયસન્સ ખરીદવું પડે છે અને તેની વેબ-સાઇટ ઉપર જઇને પોતે ચકાસવા માંગતા પેપર્સ કે દસ્તાવેજોને તે સાઇટ ઉપર લોડ કરવા પડે છે. આ ટૂલ તેનું ચેકીંગ કરીને દસ્તાવેજ લખનારે પોતેજ લખેલ છે કે "કોપી-પેસ્ટ" કરી, ચોરી કરીને તૈયાર કરેલ છે તેની ખરાઇ કરી આપે છે. જે બીજી રીતે જોઇએ તો વિદ્યાર્થીઓને મદદકર્તા પણ થાય છે કારણ કે તે તેમને ચોરી કરતાં રોકીને પોતાના લખાણો મૌલિક રીતે લખવા દોરે છે.

આવીજ સર્વિસ આ કંપની ન્યુઝ પેપર્સના તંત્રીઓ, બુક અને મેગેઝીન બહાર પાડતા પબ્લિશરો વિગેરેને આપે છે જેમની જવાબદારી આવી રીતે ચોરી કરેલ સ્ટોરી કે આર્ટીકલ્સ ન છપાય તે જોવાની હોય છે, જેમાં આ ડીટેક્ટીવ જેવું કામ કરતું સોફ્ટવેર, જે આ સેગમેન્ટ માટે આઇ-થેન્ટીકેટ (iThenticate) નામે બ્રાન્ડીંગ કરીને બહાર પાડેલ છે જે ઓનલાઇન છે અને કંપનીની Plagiarism.com નામની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.

***વિધિ સાથે વેર ન થાય.***
***જીવન આખું ઝેર ન થાય.***

**એક શબ્દ :**

- **એનિયાક :**

દુનિયાના પ્રથમ કમ્પ્યુટરનું નામ એનિયાક. બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકન લશ્કરની તોપોને ૫૦૦ રતલના ગોળાઓ વીસેક કિલોમીટર દૂર ચોક્કસ જગ્યાએ ફેંકવા માટે અનેક ગણતરીઓ કરવી પડતી હતી જે માટે તેઓ દાંતા ચક્રો અને ગીયર્સ ધરાવતા મિકેનીકલ યંત્રનો ઉપયોગ કરતાં જેમાં ઘણો સમય જતો. આમાંથી રસ્તો કાઢવા માટે પેન્સિલવેનિયાના વૈજ્ઞાનિકોની મદદ લેવામાં આવી. તેમણે ચક્રોના દાંતાને બદલે વિજળીના ધબકારા થકી ઘણતરી કરવાનું શોધી કાઢ્યું અને તેમાંથી ૧૯૪૫માં બનેલ આ મશીનનું નામ તે વૈજ્ઞાનિકોએ રાખ્યું એનિયાક. આ પ્રથમ કમ્પ્યુટર એક સેકન્ડમાં ૫૦,૦૦૦ સરવાળા કે બાદબાકી કરી આપતું હતું. આ પ્રથમ કમ્પ્યુટરનું વજન હતું ૬૫૦૦૦ રતલ અને તે ૧૫૦૦ ચોરસ ફીટ જગ્યા ફીટ જગ્યા રોકતું હતું તેમજ તેના ૧૮૦૦૦ વાલ્વો ૧૬૦ કિલોવોટ વિજળીનો પૂરવઠો ખાતા હતા જે પૂરવઠો એકાદ મોટા શહેરના વિજ વપરાશ જેટલો હતો. ૧૯૪૬માં જહોન ન્યૂમાન નામના સંશોધકે કમ્પ્યુટર વધારે ઝડપથી ગણતરી કરી શકે તે માટે ૦ તથા ૧ ની દ્વિઅંકી પદ્ધતિની ભાષા તૈયાર કરી અને ૧૯૫૮માં વિલિયમ શોકલી નામના અમેરિકને ટ્રાન્સીસ્ટરની શોધ કરી જેનું કદ વાલ્વ કરતાં ૧૦૦માં ભાગનું હતું જેને કારણે કમ્પ્યુટરના કદમાં ઘટાડો અને ઝડપમાં વધારો શક્ય બન્યો.

**એક એસ.એમ.એસ. :**

*Girls are like Computer Virus...!*
*They enter your life,*
*Scan your pockets,*
*Transfer your money,*
*Edit your mind,*
*Download their problems and*
*Delete your smile*
*So please download the software "SayNoToGirls.EXE" to save your life otherwise the harddisk of your heart may crash !!*

- **હેલ્થ ફર્સ્ટ :**

***હવે આવો સમય દૂર નથી....***

એક મહિલાએ એની સહેલીને અભિનંદન આપતાં કહ્યું, "બ્રેવો.... આખરે તારી જીત થઈ. તને છુટાછેડા મળી ગયા. બસ, હવે તો મજા હી મજા!"

"શેની મજા! મારે તો મારા એક્સ-હસબન્ડને આજીવન ભરણ-પોષણ આપવું પડશે."

"ભરણ પોષણ? તારે આપવાનું?"

"હા. મારે આપવાનું. કારણકે હું કમાઉં છું અને એ નથી કમાતો!!"



ડૉક્ટર સાહેબ, આ છુંટાછેડા લેવાના વિચારો દૂર થાય તે માટે કોઈ દવા આપો ને!



બે સાથી પક્ષોના જોડાણ તૂટે તેનાથી વધારે દુ:ખદ તો જીવનસાથીના જોડાણ તૂટે તે છે!

# વિચારો ના મળતા હોય તો મેળવવાના જ, એ કંઈ છુટાછેડાની અરજીનો આધાર ના બની શકે

હંસલ ભચેચ

## એ માટે તો એકબીજા ઉપર મનઘડંત આક્ષેપો જ કરવા પડે!

હમણાં રાષ્ટ્રીય યુવા દિવસ ગયો. આપણાં મનથી સત્તા ભૂખ્યા અને તનથી વૃદ્ધ એવા નેતાઓએ યુવાશક્તિને બિરદાવતા દે ઠોકમઠોક ભાષણો ઠોક્યાં! બીજા દિવસથી પાછા, યુવાનોને ખબર ના પડે. તેમને અનુભવ ન હોય. અમારા જેવા અનુભવીઓ (વૃદ્ધો) રીટાયર્ડ થઈ જાય તો દેશનું શું થાય? વાળી માનસિકતામાં જીવવાનું ચાલું! આ દિવસોની ઉજવણી પશ્ચિમીઓએ ઘૂસાડેલી એક જબરજસ્ત દંભી અને સગવડભરી વ્યવસ્થા છે. મા-બાપને મૂકી આવવાના વૃદ્ધાશ્રમમાં અને 'મધર્સ-ડે', 'ફાધર્સ-ડે' ના ચાળા કરવાના ! વ્યાપારીઓ પોતપોતાના ધંધામાં કમાણી કરવા આ આખી વ્યવસ્થાને ચગાવે છે અને પોતાના ખિસ્સા ભરી લે છે. 'ફ્રેન્ડશીપ ડે' એ દસ-વીસ પૈસાની દોરીઓને ફ્રેન્ડશીપ બેલ્ટનું નામ આપીને પંદર-વીસ રૂપિયામાં પધરાવાનાં ધંધાનું ટર્નઓવર કરોડોમાં છે!

છોડો, કકળાટનો અર્થ નથી, આ બધું તો આમ જ ચાલ્યા કરશે. આમ તો આજે આ વાત એટલે યાદ આવી કે **વીસમી જાન્યુઆરીએ 'ડીવોર્સ ડે'** હતો! પશ્ચિમીઓના લગ્નજીવનમાં આખું વર્ષ ગમે તેવું જાય પણ ક્રિસમસની રજાઓ સારી જવી જોઈએ. જીવનસાથી અને બાળકો સાથે! જો યુગલ ક્રિસમસમાં અપેક્ષિત એકબીજાને કે પોતાના કુટુંબને હૂંફ આપવામાં નિષ્ફળ જાય તો તેમના છૂટા પડવાની શક્યતાઓ ખૂબ વધી જાય. **બ્રિટિશ નિષ્ણાતોનો મત છે કે સૌથી વધુ છૂટાછેડાની અરજીઓ જાન્યુઆરી માસમાં દાખલ થાય છે.** વેકેશન પતે, બાળકોની શાળાઓ રેગ્યુલર થાય, વકીલોની સલાહ લઈને કાગળો થાય ત્યાં સુધીમાં લગભગ વીસ જાન્યુઆરી થઈ જાય એટલે **વીસ જાન્યુઆરીએ 'ડિવોર્સ ડે'** - છે ને મારા બેટાઓ એકદમ મેથોડીકલ!! બસ, એકાદ-બે વર્ષમાં આપણે ત્યાં આ ટ્રેન્ડ આવી જશે. લાગતા-વળગતાઓ સ્વઉત્કર્ષ અને ધંધાર્થે આ દિવસ ચગાવશે. લગ્નજીવનમાં અસંતોષને લઈને તૂટુ તૂટુ થઈ રહેલા યુગલોમાં ફાઈનલ બાંયો ચઢાવવાનું જોમ આવી જશે- 'બોસ, આ વખતે તો 'ડીવોર્સ ડે' ના દિવસે ફેંસલો પાડી દેવો છે. (આમેય પચ્ચીસ દિવસ પછી 'વેલેન્ટાઈન ડે' આવે જ છે ને, નવા સાઉલ મેટ'!!)

જ્યારે જ્યારે છૂટાછેડાની વાત આવે છે ને ત્યારે ત્યારે મને **છૂટાછેડાની અરજીમાં પતિ-પત્ની દ્વારા એકબીજા ઉપર કરવામાં આવતા સ્ટાન્ડર્ડ આક્ષેપોની વાત કરવાનું મન અચૂક થાય છે.** ખરેખર સાચું હોય કે ના હોય, છૂટાછેડાની અરજીમાં અમુક આક્ષેપો કરવાનો શિરસ્તો છે જેમ કે, પતિ ઉપર દહેજની માંગણી. નામર્દાનગી, વ્યસન, મારઝૂટ કરવી, માનસિક ત્રાસ આપવો, શંકાશીલતા વગેરે આક્ષેપો લગાવી જ દેવાના. સ્ત્રી ઉપર ચાલ-ચલગત ખરાબ હોવી, જાતીય ઠંડાપણું, ઘર ન સંભાળવું, વૃદ્ધ માતાપિતાને તરછોડવા, આત્મહત્યાની ધમકીઓ આપવી વગેરે આક્ષેપો લગાડવા જ પડે અને તો જ છૂટાછેડાનું 'ગ્રાઉન્ડ' તૈયાર થાય! પતિ-પત્ની એમ કહે કે મારો જીવનસાથી આમાંનું કંઈ નથી કરતો/તી, અમારે તો વિચારો નથી મળતાં. તો વકીલ સાહેબ ખખડાવી નાખે કે જલદી છૂટાછેડા જોઈતા હોય તો આવું બધું લખવું જ પડે! વિચારો ના મળતા હોય તો મેળવવાના, આ કંઈ છૂટાછેડાની અરજીનો આધાર (ગ્રાઉન્ડ) ના બની શકે! આવનારા વર્ષોમાં **છૂટાછેડાની અરજીમાં થતાં મનઘડંત આક્ષેપોમાં એક વધુ આક્ષેપ ઉમેરાય તો નવાઇ નહીં અને એ એ છે કે 'તેને કાયમની શરદી રહે છે.'** તમને એમ થશે કે કાયમી શરદી અને છૂટાછેડાને શું લેવા દેવા? આજે નથી પણ આવતીકાલે ચોક્કસ થશે, પણ કેવી રીતે?

ડૂબતા લગ્નજીવનને બચાવવાના પ્રયાસમાં એટલાન્ટાની એક યુનિવર્સિટીના સંશોધકોએ એક 'સ્પ્રે' વિકસાવ્યાનો દાવો કર્યો છે. 'ઓક્સીટોસીન' નામનો અંતઃસ્રાવ ધરાવતું આ 'સ્પ્રે' સુંઘવાથી વ્યક્તિના મનમાં પ્રેમની સરવાણી ફૂટશે! **આ સંશોધકોનું માનવું છે કે છૂટાછેડા તરફ જઇ રહેલા યુગલો કાઉન્સેલીંગની સાથે સાથે તેમની આ દવા સુંઘશે તો એકબીજા પરત્વે પ્રેમ જન્મશે અને તેમનું જોડાણ મજબૂત બનશે, સરવાળે છૂટા પડવાની શક્યતાઓ ઘટશે.** હવે તમે જ કહો કાયમી શરદીવાળાને તો સૂંઘવાની'ય બબાલ. કંઇ સૂંઘાડીને પણ પ્રેમ ન જન્માવી શકાય. થયું ને છૂટાછેડા લેવા માટેનું સબળ કારણ!? વકીલ સાહેબ એક દલીલ કરશે કે 'લગ્ન જીવન બચાવવા 'સ્પ્રે' પણ સુંઘાડ્યું, પણ અમારા અસીલના જીવનસાથીને તો કાયમની શરદી રહે છે એટલે હવે તો અમારી છૂટાછેડાની અરજી માન્ય રાખીને છુટકારો અપાવો.'

અલ્યા સુંઘવા-બુંઘવાથી થતો પ્રેમ લગ્ન બચાવવા કરતાં બીજા કામમાં વપરાય ('વાયગ્રા'ની જેમ!) બાકી, **લગ્ન તો એકમેકની સમજ, ઉષ્મા, લાગણીઓ, સન્માન, વિશ્વાસ, નિષ્ઠા, વચનબદ્ધતા વગેરે વચ્ચે પ્રાંગરતો અને ટકી રહેતો સંબંધ છે.** એમાં આવું એમાં કંઇ સુંઘવા-બુંઘવાથી કંઇ દા'ડા ન વળે. અને વળે તો'ય આવી કૃત્રિમતા ક્યાં સુધી આનંદ કે સંતોષ આપે? સરવાળે તો વીસમી જાન્યુઆરીઓની જ રાહ જોવી પડે અને તેમાંથી કલ વળે, ના વળે ત્યાં ચોદમી ફેબ્રુઆરી ('વેલેન્ટાઈન ડે') હાજર!!

- **પૂર્ણ વિરામ :**

***ગઈકાલના પ્રેમીઓ :*** હાથમાં ગુલાબ, હૈયામાં પ્રેમ અને મગજમાં ઉન્માદ!

***આજના પ્રેમીઓ :*** હાથમાં મોબાઈલ, હૈયામાં ઘડી-બે-ઘડીનો પ્રેમ અને મગજમાં ગણતરીઓ!

***આવતીકાલના પ્રેમીઓ :*** હાથમાં ઈન્હેલર (પ્રેમ જન્માવતું 'સ્પ્રે') હૈયામાં સ્ટેમ સેલ અને મગજમાં સેક્સ વધારતી ચીપ્સ!!

*સૌજન્ય :- ગુજરાત સમાચાર*

## વાર્તા

# સમજણના સૂર

***– શિવુભાઇ સોની, અંજાર***

***શું આપ ઈચ્છો છો કે તમારા કુટુંબમાં ક્યારેય સગપણ ફોક થવાની અથવા લગ્ન વિચ્છેદ થવાની કોઈ બાબત ન બને? તો નીચેની બાબતો પર વિચાર કરશો. મા-બાપે એમની પરણવા યોગ્ય પુત્રીને સાચી શીખ આપવી અને પુત્રને એની ફરજ અને જવાબદારી સમજાવવી. નવવધૂ પ્રત્યે સાસુ-સસરાએ દીકરી જેવી લાગણી બતાવવી જોઈએ. – લેખક***

રીતેશ અને માયાના લગ્નને અંદાજે બાર મહિના થવા જઇ રહ્યા હતા. આ બાર મહિના ક્યારે એકબીજાની સાથે નીકળી ગયા તેનો બન્ને જણામાંથી કોઇપણને ખ્યાલ ન રહ્યો. માયા એની ફરજ ક્યારેય ચૂકી નહિ. સવારના વહેલા ઉઠીને નિત્ય કર્મ પતાવીને પૂજા પાઠ કરીને ઘરનું વાતાવરણ ધાર્મિક, સુખમય, શાંતિમય કરીને (ઘરમાં આવું વાતાવરણ હોય તો ક્યારેય સગાઇ ફોક અથવા લગ્નવિચ્છેદ ન થાય તે મારો અંગત અભિપ્રાય છે. કારણકે આવું વાતાવરણ ઘરના જુવાન દીકરા દીકરીને સંસ્કાર આપે છે.)

એક દિવસ માયાએ રીતેશને વાત કરી કે જો એને સમય હોય તો બન્ને જણ મમ્મી અને પપ્પાને મળવા જઇએ. રીતેશે સંમતિ આપી અને કહ્યું કે સાંજે હું ઓફિસેથી વહેલો આવી જઇશ.

માયાએ જલ્દીથી ઘરનું સાંજનું કામકાજ વેળાસર પતાવ્યું. અને પીયર જવા તૈયાર થઇ ગઇ. પપ્પાના પ્યાર, મમ્મીની માયા અને ભાઇની લાગણી તેના મુખ ઉપર સાફ દેખાઇ આવતી હતી. એમને મળવા તેનું મન અધીરૂં થયું હતું. પણ રીતેશને દુકાનેથી આવવાનું ઘણું મોડું થઇ ગયું હતું. ઘરે આવતા રાત્રીના નવ વાગી ગયા. તે સમય દરમ્યાન માયાની મુંઝવણ અશાંતિ રીતેશના મમ્મી પપ્પા જોઇ રહ્યા હતા. પપ્પાએ ઘણી વાર દુકાને ફોન કરીને રીતેશને જલ્દી ઘેર આવવા માટે કહી રહ્યા હતા. પણ રીતેશ માટે જરૂરી ઘરાકનું હાથ ઉપર કામ હોતાં રીતેશ પણ મજબુર હતો.

રીતેશ ઘેર પહોંચ્યો ત્યારે એને માયા નારાજ થઇ હોય એવું લાગ્યું. સાથે મમ્મી પપ્પા પણ રીતેશ ઉપર ગુસ્સો કાઢી રહ્યા હતા. રીતેશ પોતાની મજબુરી દર્શાવી રહ્યો હતો. માયા બેડરૂમમાં હતી. રીતેશ માયાને શાંત પાડવા બેડરૂમમાં ગયો અને માયાને કહ્યું કે આજે લગભગ બાર મહિના પછી તેં સામેથી ચાલીને જવાનું કહ્યું (ઘણી વખત મારા કહેવાથી આપણે મમ્મી પપ્પા પાસે ફરવા ગયા છીએ) ત્યારે મને તારી વાત રાખવાની ઘણી જ ઈચ્છા હતી. પણ સમય વખતે જ ઘરાક આવી ગયા અને આ સમયે હું દુકાન મુકીને આવું તો સ્ટાફથી નવા કસ્ટમર સમજે નહિ અને અત્યારના હરીફાઇના જમાનામાં સચેત વેપારી સુખી થાય અને અને મારા કસ્ટમર વધે મારી કેરીયરમાં જમાવટ કરવા માટે આ બધું જ જરૂરી હતું. તું પણ સમજુ અને ભણેલી છો એટલે સમજી શકે છે. રીતેશની સમજાવટથી માયાનો ગુસ્સો હલકો થઇ ગયા. બંને પતિ-પત્ની તૈયાર થઈને બેડરૂમમાંથી હસતા મુખે હોલમાં આવ્યા ત્યારે મા-બાપના મુખ ઉપર શાંતિ દેખાતી હતી અને માયાએ સાસુમાને કહ્યું કે, અમે મમ્મી પપ્પા પાસે ફરી આવીએ. ત્યારે માયા ઉપર સાસુમાને ગર્વ થયો.

આ વાતનો સાર એ છે કે પતિ - પત્ની બન્ને એકબીજાને સમજીને ચાલે તો લગ્નજીવન સુખી થાય. સંસ્કાર અને સમજણ હશે તો જ આ શક્ય છે.


---

## લગ્ન સંબંધ વિચ્છેદ સમાધાન અભિયાન

સાથે મળી
સમજણના સૂર
કેળવીએ

મહામંડળનો મહામંત્ર

**સમાધાન**



આવો,
આપણે સહુ સાથે મળી
સમાધાન અભિયાન
સાર્થક કરીએ....

## સૌજન્ય : સોની પ્રેમજીભાઈ કેશવજી - વડાલી

## 'સેતુ' દરેક પરિવારોમાં પહોંચવું જોઇએ – સમયનો તકાજો...

***(સેતુનાં માનદ સંયોજક શ્રી પી.જી. સોની 'દાસ' દ્વારા)***

આજકાલ કરતાં આપણો એકમાત્ર 'જ્ઞાતિ સેતુ' હવે સાત વર્ષનો થયો. સમગ્ર જ્ઞાતિજનો હવે તો સેતુથી સુપેરે વાકેફ હશે અને હોવા જ જોઇએ. હાલમાં અંદાજે બારસો ઉપરાંત ગ્રાહક (સભ્ય) સંખ્યા ધરાવતું હોવા છતાં આપણા માનવંતા મોવડીઓ કે સુજ્ઞ જ્ઞાતિજનો તરફથી અપેક્ષા પ્રમાણે અમુક અંશે ક્યાંક કંઇક ખૂટે છે. એનાં વિશે સાથે બેસીને ચિંતન કરવાની જરૂર છે.

તાજેતરમાં ભુજ ખાતે યોજાયેલા ૨૯મા સમુહલગ્ન પ્રસંગે જ્ઞાતિસેતુનાં તંત્રી મંડળનાં સભ્યો ઉપરાંત આ લખનાર સહિત સેતુ સાથે સંકળાયેલા દસેક જણા સમુહ લગ્ન સ્થળે હાજર હોવા છતાં મંડપમાં ક્યાંય સેતુનો સ્ટોલ જોવા ન મળ્યો. ("કંસારા હિતેચ્છુ" સિહોરનો સ્ટોલ હતો) જો આગોતરૂં આયોજન હોત તો ગત વર્ષોની જેમ સેતુ માટે સ્ટોલની વ્યવસ્થા થઇ શકી હોત. ખેર, હવેથી આપણે આ વિષે સજાગ રહેવું પડશે. બીજું સમગ્ર કચ્છમાં સમુહ લગ્નો ઉપરાંત અન્ય નાના-મોટા પ્રસંગો પણ સારી રીતે ઉજવાતા હોય છે. આવા પ્રસંગો કે સંમેલનોમાં સેતુનો સ્ટોલ હોવો જ જોઇએ. તો જ સેતુ બરાબર સક્રિય છે, પ્રગતિનાં પંથે છે એની પ્રતીતિ થઇ શકે. સ્ટોલનાં કારણે સેતુ અંગેની તમામ બાબતો જેવી કે, અંકો ન મળવા, ભાવ પ્રતિભાવ જાણવા, સૂચનો મેળવવા, ગ્રાહક સંખ્યા વધારવા વિ. પ્રશ્નો સહજ રીતે હલ કરી શકાશે, સમજી શકાશે.

હાલમાં સાધનો, માનદ્ સંચાલકોની મર્યાદિત ટીમ હોવા છતાં એકમેકને ઓળખવાનો એકમાત્ર મુખપત્ર શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ-અમદાવાદ દ્વારા સેતુ નિયમિત પ્રગટ થાય છે. એનું સુશોભિત મુખપૃષ્ઠ, સમાચારો, વિવિધ વિભાગો, લેખો, નયનરમ્ય છતાં મર્યાદિત જાહેરખબરો વિગેરેથી સેતુ ભર્યુંભાદર્યું લાગે છે. આવું આપણું આ દમદાર સેતુ હવે દરેક જ્ઞાતિજનોનાં ઘરમાં પહોંચવું જોઇએ, વંચાવું જોઇએ, સચવાવું જોઇએ એવું સેતુનાં પીઢ અને પાકટ તંત્રી શ્રી હંસરાજભાઇ કંસારા, અતુલભાઇ સોની, મનુભાઇ કોટડીયા તેમજ સમગ્ર સેતુ પરિવારની ભાવના છે, ખ્વાઇશ છે, લાગણી છે. અને તો જ સેતુનો સાચો મૂળભૂત હેતુ સાર્થક થશે.

ખરેખર તો સ્વાભાવિક રીતે જ જાગ્રત જ્ઞાતિજનો તથા અમુક અગ્રણીઓમાં એવો મત પ્રવર્તે છે કે, સેતુ કચ્છમાંથી અને દર માસે પ્રગટ થવું જોઇએ. એના માટે દરેક તાલુકામાંથી જ્ઞાતિજનોનો પૂરતો સહકાર મળી રહેશે અને સેતુને પણ એનો પુરેપુરો વિશ્વાસ છે. જાણવા પ્રમાણે સેતુનાં સંચાલકોએ ઘણા મહિનાઓ પહેલાં મહામંડળને લેખીત-મૌખીક જણાવ્યું છે કે હવે સેતુને સંભાળી લ્યો અને ખરેખર સમયનો તકાજો છે, સમયની માંગ છે કે મહામંડળે સેતુ સંભાળી લેવું જોઇએ અથવા નાછૂટકે કચ્છ-અમદાવાદનું એક સંયુક્ત ટ્રસ્ટ રચીને પણ સેતુ ભુજથી શરૂ કરવું જોઇએ. આવું ઘણા જાગ્રત અગ્રણીઓનું ચોક્કસ માનવું છે, જેથી આપણો સેતુ હજુ વધારે સિધ્ધીનાં સોપાનો સર કરી શકે.

## 'સેતુ' સન્મિત્ર સન્માન

***કુ. એકતા કટ્ટા - અંજાર***

'સેતુ' સન્મિત્રોનાં સન્માન બદલ આભાર. 'જ્ઞાતિસેતુ', એ જ્ઞાતિનાં વિચારોની આપ-લે અને પ્રચાર-પ્રસારનું એકમાત્ર અને મહત્ત્વનું માધ્યમ અને પ્લેટફોર્મ છે. વિચારો જ કોઇપણ સમાજની પ્રગતિ કે અધોગતિનાં નિર્માતા હોય છે. અને આવાં વિચારોને વિસ્તરિત કરનાર 'માધ્યમ'નાં કર્તાઓ જ ખરાં અર્થમાં સમાજમિત્ર બનતાં હોય છે. ત્યારે 'જ્ઞાતિ સેતુ' દ્વારા 'માનસ દર્શન' જેવાં પુસ્તકની ભેટ આ તથ્યની યથાર્થતા પ્રકટ કરે છે એ બાબત આનંદપ્રદ પણ છે.

કોઇપણ ગ્રંથનું ભાષ્ય જયારે તત્ત્વચિંતન અને વ્યવહારીક જ્ઞાન સાથે સર્વજન સુધી પહોંચતો હોય છે ત્યારે જ તે ગ્રંથનું સાફલ્ય સિદ્ધ થતું હોય છે. પ.પૂ. શ્રી મોરારીબાપુ 'રામાયણ' જેવાં ગ્રંથનું માત્ર ભાષ્ય નથી આપતાં અપિતુ સર્વ સાધારણ જનમાનસને અનુરૂપ સરળતાથી 'રામાયણ'નું તત્ત્વચિંતન અને તેનો વ્યવહાર જગતમાં ઉપયોગનું માર્ગદર્શન પૂરૂં પાડતાં હોય છે. ભક્તિ અને તત્ત્વચિંતનનું સમન્વય આધ્યાત્મિકતાનાં સ્તરને ઊંચું લાવે છે તો તેનો વ્યવહારિક જીવનમાં ઉપયોગ કઇ રીતે શક્ય બને તેનું માર્ગદર્શન પ.પૂ. શ્રી મોરારીબાપુ પાસેથી મળી રહે છે. તેઓનાં ઉદ્‌બોધનનાં સંકલન સમા 'માનસ દર્શન' બદલ 'સેતુ'નો આભાર.

'માનસદર્શન' કરાવવામાં સહયોગ આપનારાં શ્રી પ્રભુદાસભાઇ એક સાચાં 'સમાજમિત્ર' છે. જયાં-જયાં જેવી-જેવી આવશ્યકતા હોય ત્યાં-ત્યાં તેવા જ પ્રકારનાં સહયોગ માટે હર-હંમેશ તત્પર રહેવાનાં તેઓનાં ગુણનો મને ઘણી વખત અનુભવ થયો છે. 'માનસદર્શન' માં સહયોગથી તેઓનાં વિચાર-વિસ્તારમાં પણ સહયોગની તત્પરતાની પણ પરખ થઇ તે વિશેષ અને આવાં સાચાં 'સમાજમિત્ર' બદલ ઇશ્વરને આભાર.

હવે, વાત કરૂં મારી. 'માનસદર્શન' અને તેનાં પાછળ રહેલ 'સેતુ'ની લાગણી ખૂબ ગમ્યા પરંતુ, 'સેતુ સન્મિત્રોનું સન્માન' માટે જરા સ્પષ્ટતા કરવી ઘટે. 'સન્માન' શબ્દ અને તે પાછળ રહેલો ભાવ ઉચ્ચ અને કનિષ્કનો સંબંધ જોડે છે. સન્માન હંમેશા જે તે ક્ષેત્રનાં કનિષ્ક દ્વારા ઉચ્ચની થતી 'માન' વિધિનું દ્યોતક હોય છે. જેમાં કનિષ્કથી ઉચ્ચ સુધી દૂરીભાવ રહેલો હોય છે. જયારે 'મિત્રતા'માં તો હંમેશ 'આત્મિયતા'નો સંબંધ હોય છે અને આત્મિયતામાં દૂરીભાવને કશું જ સ્થાન હોતું નથી! માટે મિત્રતા અને સન્માન આત્મિયતા અને દૂરીભાવ જેવું વિરોધાભાસ જન્માવે છે.

અને હા! જો મિત્રનાં સન્માનની વાત જ હોય તો શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ સન્માનને યોગ્ય છે. કારણ કે, તે 'જ્ઞાતિ સેતુ'નાં માધ્યમે આપણી સંપૂર્ણ જ્ઞાતિનાં 'મિત્ર'ની ગરજ સારે છે. બાકી તો મારો સહયોગ તો મિત્રતામૂલક આત્મિયતા તથા જ્ઞાતિની આવશ્યકતાને ધ્યાને લઇ રહ્યો તે બદલ આત્મિયતાની જ અપેક્ષા રહી છે અને રહેશે!

# શતરંજના ખેલ

હંસરાજ કંસારા - અમદાવાદ

*ગત અંક સુધી આપણે વાંચ્યું....*

*એક રાજા શતરંજના ખેલમાં એના તરૂણ નોકર સુકાળથી હારી ગયો. આપેલા વચન મુજબ, સુકાળને શતરંજના પ્રથમ કોઠામાં એક પછી પ્રત્યેક કોઠામાં બમણાના હિસાબે અનાજ આપવા હુકમ કર્યો. પાડોશના સામંતની મદદથી રાજસત્તા પોતાના હાથમાં લેવાની વેતરણમાં સફળ થવાની અણી ટાણે, આ રાજ હુકમે દીવાન મૂંઝાયો. કારણ કે રાજ્ય ના અન્ન ભંડારનું ભોંયરૂં, જે પડોશી રાજની હદ સુધી જતું હતું ત્યાંથી શસ્રો, આવી ગયા હતા. આવા કટાણે રાજાનો વિશ્વાસુ ચાકર ભંડારમાં ન આવે તે માટે દીવાને તરૂણને સોમવતી અમાસને રોજ અનાજ લેવા આવવાનો આદેશ આપ્યો. સુકાળ રાજમાતાનો પણ વિશ્વાસુ હતો.*

*ગામની પાદરે ટેકરી પર કાલી માતાના મંદિરના વૃદ્ધ પુજારી અને રાજમાતાને દીવાનની હીલચાલની ગંધ હતી. સંકટનો સામનો કરવા અને દીવાનની ચાલ નિષ્ફળ કરવાના પૂજારીના આયોજનને અનુસરતા સુકાળને મહેલ અંદરના ભેદી ભોંયરાઓની ભાળ મળી. એ ભોંયરાના ત્રિભેટે, એક રસ્તો કાલી મંદિરે જતો હતો અને બીજો રસ્તો રાજમાતાના પિયરના ગામ તરફ જતો હશે એવું અનુમાન સુકાળે કર્યું હતું. અનાયાસ એને ભંડારની પછીત ભોંયરામાં પડતી હોવાનું સમજાયું. ત્યાં દીવાન અને ભંડારીને જોઈ એને ભય લાગ્યો. કાલીમાંની મૂર્તિને પગથી પર છૂપાવા જતાં એ જમીન ખસકી અને અંધારા કૂવામાં એ ઉતરી ગયો.*

*બીજી વખત સુકાળ અને તેજુએ ભોંયરામાંથી ભંડારમાં થતી હિલચાલ જોઈ. બધી વાતથી કાલી મંદિરના પુજારીને જણાવી. પુજારીએ સુકાળ સાથે રાજમાતાને અને તેજુ સાથે રાજમાતાના પીયરમાં સંદેશ મોકલ્યા. રાજમાતાએ સેનાપતિ સમશેરસિંહને સજ્જનગઢ લશ્કર લઈ જવું પણ લડવું નહીં અને બીજે દિવસે પાછા આવી નગરના ગઢની બહાર છાનો પડાવ નાખવાની સુચના આપી.*

*હવે આગળ વાંચો....*

સુકાળ રાજમાતાને સંદેશ આપી પાછો કાલી મંદિરે આવી ગયો. તેજુ પણ રાજમાતાના ભાઇને સંદેશો પહોંચાડી મોડી રાતે પાછો આવી ગયો.

બીજી સવારે બંને ફરી ભોંયરામાં ગયા. આજે અહીં એમને ઘણા કામ હતા. ભોંયરામાંથી ભંડારની હિલચાલ સાંભળવી હતી. ભંડારમાંથી એક એક કરીને ભોંયરામાં ઘૂસનારા સૈનિકોના સ્વાગતનો બંદોબસ્ત કરવાનો હતાં. એમણે બાકોરામાંથી કોઇ વ્યક્તિ ભોંયરામાં પગ મૂકે કે તરત જ લપસીને ખાડામાં પડે તે રીતે આસપાસની જગા ખોદી નાખી અને દીવાલ પાસેની જમીન પર મંદિરમાંથી લાવેલું તેલ ફેલાવી દીધું. રાજમાતાના પિયર તરફથી ભોંયરામાં આવવાની વાટેથી ઝાડ ઝાંખરા હટાવી નાખ્યા. થોડીવારે ભંડારમાં દીવાન અને ભંડારી વચ્ચે વાતચીત શરૂ થતાં તેઓ બન્ને કાન દઈ સાંભળવા લાગ્યા.

“જો ભંડારી, આખી યોજના જડબેસલાક ઘડાઇ ગઇ છે. શમશેર કાલે લશ્કર લઇ સજ્જનગઢ રવાનો થશે. ત્યાંથી બીજે રસ્તે દુર્જનનું લશ્કર આપણી બાજુ આવશે. એ લશ્કર બહારથી નગરને ઘેરો ઘાલશે. દુર્જન અને ફિરંગી આવતીકાલે જ મારે ત્યાં આવી જશે. એના થોડા ખાસ માણસો એક એક કરીને આવી ગયા છે.”

“હજૂર, સાંભળ્યું છે કે સુકાળ એના એક સાથીને લઇને અનાજ લઇ જવા માટે બહારગામથી ગાડાં અને ઊંટગાડીઓ લેવા ગયો છે.”

“ભલે ગયો. સારૂં થયું. અહીંની વાતોથી એ એટલો અજાણ રહેશે. અને આપણે સોમવતી અમાસે એને અનાજને બદલે લાશના ઢગલા આપશું. ભલે લઇ જાય એના ગાડાં અને ઊંટગાડીઓમાં!”

અટ્ટહાસ્યથી ભંડારની દીવાલો કાંપવા લાગી. સુકાળ અને તેજુને એનો કંપ વર્તાયો.

“અને જો ભંડારી, પહેલાં સૈનિક ભોંયરામાં ઘૂસે. પછી તારે એના હથિયાર આપવાના. એ રીતે એક પછી એક પૂરા સો સૈનિકોને અંદર મૂકવા. ત્યારબાદ તારે તરત જ ભંડાર બંધ કરાવી, મારી પાસે આવી જવું.” દીવાને ભંડારીને સુચના આપી.

થોડીવારે ભંડારમાંથી અવાજો આવતા બંધ થયા. સુકાળ અને તેજુ બન્ને પાછા કાલી મંદિરે આવી ગયા.

પૂજારીની સૂચના મુજબ તેજુ પાછો રાજમહેલમાં આવી ગયો. પુજારીએ એને સાંકેતિક ભાષામાં ગોખાવેલો સંદેશ એણે રાજમાતાને કહ્યો. બે કાળા બુરખા સીવડાવ્યા અને ઘુસપેઠીઓના સ્વાગત માટે જરૂરી સામગ્રી એકઠી કરી લીધી. હવે એને અહીં દીવાનની હિલચાલ પર નજર રાખવાની હતી અને અમાસની વહેલી સવારે ભોંયરામાં પહોંચી જવાનું હતું.

સુકાળે કાલી મંદિરથી થોડે દૂર રાજમાતાના પિયર જતી વાટે આજુબાજુના ગામમાં આવતાં ઊંટગાડીઓ અને ગાડાંની વ્યવસ્થા કરી. મંદિરની ટેકરી પાછળના વિસ્તારમાં ઝાડી ઝાંખરા સાફ કર્યા. ત્યારબાદ એ પુજારીની વાતો સાંભળતો રહ્યો.

સુકાળને રાજમાતા અને પૂજારીના સંબંધો વિષે ઘણી વાર વિચાર થતો. પુજારીની કુટીર સાફ કરતાં અનાયાસે એને થોડું જાણવાની તક મળી ગઇ. ભોંયરાની જેમ કૂટીરમાં પણ એક અવાવરૂ ખૂણે એક તાડપત્રી પર એણે કમળ અને રોટીનું નિશાન જોયું.

“ગુરૂજી અવિનય માફ કરશો. આ તાડપત્રી પર આ શેનાં નિશાન છે? આવા જ નિશાન મેં ભોંયરામાં પણ ચિતરેલાં જોયાં હતાં.” સુકાળે પૂજારીને પૂછ્યું.

અરે! આ તાડપત્રી તને ક્યાંથી મળી? એને જલાવી દે, પુજારીએ આજ્ઞા આપી.

“પણ ગુરૂજી.....”

“હું સમજું છું. તને એનો ભેદ જાણવો છે..... મને તારા પર વિશ્વાસ છે, એટલે હું તને એ કહીશ. પણ બદલામાં તારે મને એક વચન આપવું પડશે, જેને તારે આજીવન પાળવું પડશે” પૂજારીએ કહ્યું.

“હું વચન આપું છું.... આપ જેમ કહેશો તેમ જ કરીશ.” સુકાળે જવાબ આપ્યો.

“તો સાંભળ.... આપણા દેશમાં ધીરે ધીરે વિદેશીઓની હકુમત પ્રસરતી જાય છે. એની સામે આખા દેશમાં ઠેર ઠેર વિદ્રોહની આગ ફેલાવવાની છે. આ નિશાન એ મુઠ્ઠીભર જલાવતન લોકોનું છે, જેઓ દેશના ખૂણે ખૂણે એકલપંથી થઇને નીકળ્યા છે. તેં મને વચન આપ્યું છે એટલે આજથી તારે પણ તારૂં જીવન દેશ માટે સમર્પિત કરવાનું જ રહે છે...” એમ કહી પૂજારીએ સુકાળના માથા પર હાથ મૂકી મંત્રોચ્ચાર કર્યો. વતન માટે ફના થવાના આશીર્વાદ આપ્યા......

**(ક્રમશઃ)**

## ગુજરાત ટુરીઝમ કોર્પોરેશન સંચાલિત વિહારધામો : ઉપલબ્ધ સુવિધાઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | : તોરણ ગેસ્ટ હાઉસ, સાબરમતી આશ્રમ સામે, અમદાવાદ ફોન : ૭૪૮૩૭૪૨. | રૂમ-૪ એ.સી. ડબલબેડ, રૂમ-૬ ડબલબેડ કોન્ફરન્સ હોલ-૧. |
| ૨. | અહમદપુર | : સમુદ્રબીચ રીસોર્ટ, માંડવી, વાયા ઉના, અહમદપુર. | રૂમ-૪ બેડ, રૂમ-૧૧ ડબલબેડ. કોન્ફરન્સ હોલ-૧. |
| ૩. | બાલારામ | : બાલારામ તોરણ પીકનીક સેન્ટર, બાલારામ. | રૂમ-૫ સીંગલબેડ, રૂમ-૧ બેડ-૧૮ |
| ૪. | ચોરવાડ | : પેલેસ બીચ રીસોર્ટ, ચોરવાડ (જુનાગઢ) | રૂમ-૪ એ.સી. ડબલબેડ, રૂમ-૧૪ ડબલબેડ. કોન્ફરન્સ હોલ-૧. |
| ૫. | દ્વારકા | : તોરણ, ગવર્મેન્ટ ગેસ્ટ હાઉસની બાજુમાં-દ્વારકા | રૂમ-૭ બેડ-૬, રૂમ-૩ બેડ-૪. |
| ૬. | હજીરા | : તોરણ હોલીડે કેમ્પ, હજીરા. ફોન : ૩૯૨૪૭૦ | રૂમ-૪ સ્યુટસ (૩ બેડ), રૂમ-૬ ડબલબેડ. |
| ૭. | જુનાગઢ | : હોટલ ગિરનાર, રજવાડી દરવાજા, જુનાગઢ. | રૂમ-૪ એ.સી. ડબલબેડ, રૂમ-૪ બેડ-૮, રૂમ-૪ ડબલબેડ-૧૨, કોન્ફરન્સ હોલ-૧. |
| ૮. | લોથલ | : તોરણ હોલીડે હોટલ, લોથળ. ફોન : ૩૮૨૨૩૦ | રૂમ-૨ ડબલબેડ, રૂમ-૧ બેડ-૧૦. |
| ૯. | પાવાગઢ | : હોટલ ચાંપાનેર, પાવાગઢ, ફોન : ૪૫૬૪૧. | રૂમ-૩૨ ડબલબેડ, રૂમ-૧ બેડ-૧૫. કોન્ફરન્સ હોલ-૧. |
| ૧૦. | પોરબંદર | : તોરણ ટુરીઝમ બંગલો, ચોપાટી, પોરબંદર. ફોન : ૨૨૭૪૫/૨૧૪૭૬. | રૂમ-૬ એ.સી. ડબલબેડ, રૂમ-૧૪ ડબલબેડ રૂમ-૪ બેડ-૫ |
| ૧૧. | સાપુતારા | : તોરણ હીલ રીસોર્ટ, સાપુતારા. ફોન : ૩૭૨૨૬. | બંગલો ડબલબેડ, રૂમ-૪ બેડરૂમ |
| ૧૨. | સાસણગીર | : લાયન સફારી લોઝ, જુનાગઢ. | રૂમ-૨૨ ડબલબેડ, રૂમ-૨ એ.સી. ડબલબેડ રૂમ-૫ બેડ-૪. |
| ૧૩. | શુક્લતીર્થ | : તોરણ હોલીડે હોમ, શુક્લતીર્થ. | રૂમ-૮ ડબલબેડ. |
| ૧૪. | તીથલ | : તોરણ હોલીડે હોમ, તીથલ. ફોન : ૪૨૭૩૧. | રૂમ-૧૨ ડીલક્સ ડબલબેડ, રૂમ-૧૨ ડબલબેડ રૂમ-૨ હીલ બંગલો. |
| ૧૫. | તુલશીશ્યામ | : તોરણ હોલીડે હોમ, તુલશીશ્યામ | રૂમ-૪ બેડ-૩. |
| ૧૬. | ઉભરાટ | : તોરણ હોલીડે કેમ્પ, વાયા મરોલી, ઉભરટ. | અલગ સુવિધા ડબલ બેડ, બેડ-૪. |
| ૧૭. | વેરાવળ | : તોરણ ટુરીઝમ બંગલો, કોલેજ રોડ, વેરાવળ. | રૂમ-૪ ડબલબેડ, રૂમ-૪ બેડ-૪, રૂમ-૧ બેડ-૬ |
| ૧૮. | લીંબડી | : મોટેલ રામસાગર, નેશનલ હાઈવે-૮, લીંબડી | રૂમ-૪ ડબલબેડ, ૬ સીંગલબેડ |

## હિન્દુ યાત્રાધામો

- સોમનાથ, પ્રભાસપાટણ (જિ. જુનાગઢ) - બાર જ્યોતિર્લિંગોમાંનું એક
- અંબાજી (જિ. બનાસકાંઠા) - શક્તિ સંપ્રદાયનું સૌથી મોટું પ્રચિન તીર્થધામ
- બાલારામ (જિ. બનાસકાંઠા) - કોટેશ્વર મહાદેવનું મંદિર
- શામળાજી (જિ. સાબરકાંઠા) - શ્રીકૃષ્ણના ગદાધર શ્યામ સ્વરૂપની મૂર્તિ
- બહુચરાજી (જિ. મહેસાણા) - બહુચરમાતાનું પ્રચિન મંદિર
- નારાયણ સરોવર (જિ. કચ્છ) - કચ્છના દરીયા કિનારે આવેલું શિવાલય
- ગલતેશ્વર (જિ. ખેડા) - સોલંકી યુગનું શિવાલય
- ડાકોર (જિ. ખેડા) - રણછોડરાયજીનું મંદિર
- નારેશ્વર (જિ. વડોદરા) - મહારાજશ્રી રંગ અવધુરનો આશ્રમ
- વીરપુર (જિ. રાજકોટ) - સત્તાધાર (જિ. રાજકોટ) - જલારામનું સ્થાનક
- સત્તાધાર (જિ. જુનાગઢ) - સંતશ્રી આપાગીરીનું સમાધિ સ્થળ
- ગુપ્ત પ્રયાદ (જી. જુનાગઢ) - ગુપ્ત પ્રયાગરાજજીનું પ્રચિન મંદિર
- રાજપરા (જિ. ભાવનગર) - ખોડીયાર માતાજીનું ભવ્ય મંદિર
- ગોપનાથ (જિ. ભાવનગર) - સમુદ્રકીનારે ગોપનાથનું શિવ મંદિર
- સાળંગપુર (જિ. અમદાવાદ) - હનુમાનજીનું પ્રસિધ્ધ મંદિર
- પાવાગઢ (જિ. પંચમહાલ) - કાલીકા માતાનું પ્રચિન તીર્થધામ
- કામરેજ (જિ. સુરત) - નારદ/બ્રહ્માની અનોખી પ્રતિમા
- દ્વારકા (જિ. જામનગર) - ભગવાન કૃષ્ણની નગરી
- ઉંઝા (જિ. પાટણ) - કડવા પાટીદારના કુળદેવી ઉમીયામાતા
- બિંદુ સરોવર (સિદ્ધપુર જિ. પાટણ) - ભારતના પવિત્ર સરોવરોમાનું એક

*- સંકલિત*

## સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થો

- ગઢડા (જિ. ભાવનગર) - સ્વામીનારાયણ સંપ્રદાયનું મુખ્ય તીર્થ
- વડતાલ (જિ. આણંદ) - શ્રી સ્વામીનારાયણ ભગવાનનું મનોહર મંદિર
- બોચાસર (જિ. આણંદ) - શ્રી અક્ષય પુરુષોત્તમ સંસ્થાનું મુખ્ય મથક
- અક્ષરધામ (ગાંધીનગર) - સ્વામિનારાયણ સંપ્રદાયનું ભવ્ય મંદિર-સંકુલ

## જૈનતીર્થ સ્થાનો

- પાલીતાણા (જિ. ભાવનગર) - જૈનોનું પવિત્ર તીર્થધામ, ટણઘ દેરાસરો
- ભદ્રેશ્વર (જિ. કચ્છ) - ભગવાન મહાવીરનાં મંદિર ઉપરાંત ૫ દેરાસરો
- તારંગા (જિ. મહેસાણા) - એક જ શિલામાંથી કંડારાયેલ ભગવાન અજીતનાથની પ્રતિમા
- મહેસાણા (જિ. મહેસાણા) - શ્રી સીમંધર સ્વામીની મૂર્તિ
- ભોયણી (જિ. મહેસાણા) - ભગવાનશ્રી મલ્લિનાથની સુંદર પ્રતિમા
- શંખેશ્વર (જિ. પાટણ) - પાલીતાણા પછીનું જૈનનું મહત્ત્વનું તીર્થધામ
- મહુડી (જિ. ગાંધીનગર) - શ્રી ઘંટાકર્ણવીરની મૂર્તિ
- શેરીશા (જિ. ગાંધીનગર) - શ્રી પાર્શ્વનાથ અને શ્રી પદ્માવતી દેવીની ભવ્ય પ્રતિમા
- પાનસર (જિ. ગાંધીનગર) - ભગવાનશ્રી ધર્મનાથની મૂર્તિ
- ગિરીનગર (જિ. જૂનાગઢ) - નેમિનાથજીના દેરાસર સહિત ટડડ જૈન દેરાસરો

## નગરો - સંસ્કૃતિનો આયનો

| | | | |
|---|---|---|---|
| ૧. | દ્વારકા | - | કૃષ્ણભૂમિ |
| ૨. | ભાલકાતીર્થ | - | કૃષ્ણ જયાં ચિરનિદ્રામાં પોઢ્યા |
| ૩. | પોરબંદર | - | ગાંધીજીની જન્મભૂમિ |
| ૪. | રાજકોટ | - | સૌરાષ્ટ્રની શાખા |
| ૫. | ભાવનગર | - | ગાંધીજીના કોલેજકાળનું નગર |
| ૬. | અમદાવાદ | - | ગાંધીજીની કર્મભૂમિ |
| ૭. | કરમસદ | - | સરદારની જન્મભુમિ |
| ૮. | બારડોલી | - | સત્યાગ્રહની ધરતી |
| ૯. | દાંડી | - | મીઠાના સત્યાગ્રહનું સ્મારક |
| ૧૦. | ગાંધીનગર | - | ગુજરાતની ઉદ્યાનનગરી અને પાટનગર |
| ૧૧. | વડોદરા | - | મહેલોનું શહેર |
| ૧૨. | સુરત | - | આર્ટ-સિલ્કની નગરી |
| ૧૩. | ભુજ | - | આયના મહેલ (કચ્છ કલાની અટાલી) |
| ૧૪. | જુનાગઢ | - | અશોકનો શિલાલેખ |
| ૧૫. | જામનગર | - | કાઠિયાવાળનું રત્ન |
| ૧૬. | પાલનપુર | - | સિદ્ધરાજ જયસિંહનું જન્મસ્થળ |
| ૧૭. | નડીયાદ | - | સાક્ષર ભુમિ |
| ૧૮. | ભરૂચ | - | ગોલ્ડન બ્રિજ (નર્મદા નદી) |
| ૧૯. | લુણેજ | - | ગુજરાતનું પ્રથમ તેલક્ષેત્ર |

## યોગ નહીં તો રોગ

*ગુજરાતી ડિશમાંથી આવી*
*ગયા બેંક ડિશમાં આપણે,*
*ભાખરીમાંથી આવી*
*ગયા પીઝા પર આપણે,*
*ભાતમાંથી ચાઈનીઝ*
*પુલાવ પર આવી*
*ગયેલા આપણે,*
*જો આવા ભોગ હશે*
*તો રોગ થશે.*
*રોગને દૂર ભગાડવા*
*હોય તો કરો યોગ.*
*યોગ નહીં તો માનવ*
*જીવન અધૂરૂં.*
*ડિશ બદલાશે*
*વિકાસ નહીં*
*આપણા લાગશે ભોગ!*

***હીનલ પ્રકાશભાઇ પોમલ - અંજાર (કચ્છ)***

## ‘કોઇ કોઇના કષ્ટ સહન કરતું નથી’

સૌ પોત પોતાના પ્રારબ્ધનાં પરિણામ ભોગવે છે.

મનુષ્ય મૃત્યુ પછી મનુષ્ય જ બને એવું નથી. જેવા કર્મ હોય છે એને અનુરૂપ યોનિ પ્રાપ્ત થાય છે.

મનુષ્ય કર્મસ્વાતંત્ર્ય ઘડી ત્રણ ગુણોના પ્રભાવવશ એને અનુરૂપ કર્મ કરે છે.

શુભાશુભ જ્ઞાનની ક્ષમતા મનુષ્યમાં છે જ.

એટલું જ નહિં પણ એ જ્ઞાનને અનુરૂપ દ્રઢ સંકલ્પ વડે કર્મ કરવાની સ્વતંત્રતા પણ મનુષ્યને છે.

મનુષ્યદેહ કર્મભૂમિ છે, ધર્મક્ષેત્ર છે.

મનુષ્યદેહ સાધનધામ છે.

નર્ક, સ્વર્ગ અને મોક્ષ એ ત્રણેયના ત્રિવેણીસંગમ પર આ મનુષ્ય દેહરૂપી સીડી લાગેલી છે.

હવે તમારે નિશ્ચય કરવાનો છે કે તમારે ક્યાં જવું છે.

કાર્યકારણ નો અટલ નિયમ છે કે જે કરાશે એ જ પ્રતિફળમાં મળશે.

વ્યવહારમાં પ્રારબ્ધ મુખ્ય છે અને અધ્યાત્મમાં પુરૂષાર્થ મુખ્ય છે.

એમાં પ્રારબ્ધ ગૌણ છે.

***કૃણાલી પ્રકાશભાઈ પોમલ - અંજાર***

**રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે**
**"જ્ઞાતિ સેતુ" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮**

| | | |
|---|---|---|
| ૧. **પ્રકાશનનું સ્થળ** | : | અમદાવાદ |
| ૨. **પ્રકાશનનો ગાળો** | : | દ્વી-માસિક |
| ૩. **મુદ્રકનું નામ** | : | મનુભાઈ વી. કોટડીયા<br>પ્રમુખ - શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ |
| **મુદ્રકની રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **મુદ્રણ સ્થાન** | : | માધવી પ્રિન્ટીંગ પ્રેસ<br>અનુપમ સિનેમા સામે, ખોખરા, અમદાવાદ. |
| ૪. **પ્રકાશકનું નામ** | : | મનુભાઈ વી. કોટડીયા, પ્રમુખ - શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ |
| **પ્રકાશકની રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **પ્રકાશકનું સરનામું** | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ<br>C/o. ધવલ જ્વેલર્સ,<br>ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ. |
| ૫. **સંપાદકનું નામ** | : | હંસરાજ ઠાકરશી કંસારા |
| **સંપાદકની રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **સંપાદકનું સરનામું** | : | ૧/૧/૪, સમૃધ્ધિ ફ્લેટ, રામેશ્વરમ એપાર્ટમેન્ટ, દેવ આશિષ સ્કુલ પાસે, રામદેવનગર, અમદાવાદ-૩૮૦ ૦૧૫. |
| ૬. **અખબારની માલિકી** | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ |
| **સરનામું** | : | C/o. ધવલ જ્વેલર્સ,<br>ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ. |

*હું, મનુભાઈ વી. કોટડીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.*

અમદાવાદ **મનુભાઈ વી. કોટડીયા**
તા. ૨૦-૨-૨૦૧૨ પ્રકાશક અને મુદ્રક - "જ્ઞાતિ સેતુ"

## માં


*મમતાઓથી ભરેલી કોમળ છે તું મારી માં*
*તારી લાગણીના સ્પર્શથી ભીંજાય મારૂ હૃદય મારી માં*
*તારી વાતો, તારા હાલરડાઓથી છલકતાં અનેરો સ્નેહ મારી માં*
*તમે રહી ભુખ્યા પેટભરી જમાડ્યા અમને મારી માં*
*તારી કાળજી મારા મન મારી આત્માનો હળવાશ મારી માં*
*તુજ શક્તિ તુજ સહારાથી મારી ઓળખ છે મારી માં*
*તારા દિલાસામાં પ્રેમનો સ્વાદ લાગણીમાં મારો શ્વાસ છે*
*તારા કાળજાનો કટકો બની ધન્ય થયો છું મારી માં*
*તુ જ મારો સહારો, તુ જ મારી જીંદગી અને*
*મારા હૃદયમાં તુજ અને તુજ સામિલ છે મારી માં*
*અહિંયા, ત્યા સર્વત્ર જગતમાં તુજ મારી માં*
*નિરખે 'મહેક' તને સંતાય ને કદી એકલો તો*
*દેખાય તારામાં પ્રભુનો અવતાર મારી માં*
*"તું પ્રભુના અવતાર, મારી માં"*
*"તું પ્રભુનો અવતાર છે, મારી મા"*

***મહેક એચ. બારમેડા - જામજોધપુર***

## સમજણના સુર

*ગુંચ પડે તો ખેંચો નહિ*
*પણ ઉકેલવાનો ભાવ કરો.*
*ઉકેલનારા મળી આવશે*
*ધીરજ ધરી શાંતિથી પ્રયત્ન કરો.*

## પ્રથમ વાર્ષિક શ્રધ્ધાંજલિ



**સ્વ. સોની હિતેન્દ્રભાઇ ધનજીભાઇ મૈચા**

જન્મ : તા. ૭-૧૦-૧૯૫૮
સ્વર્ગવાસ : તા. ૧૦-૧-૨૦૧૧

*લી.*
શિવલાલ માવજીભાઇ મૈચા
જયેશભાઇ ધનજીભાઇ મૈચા
ગીતાબેન જયેશભાઇ મૈચા
અભિષેક જયેશભાઇ મૈચા
ધર્મેશ જયેશભાઇ મૈચા
સોની મુકુંદલતાબેન પ્રવીણકુમાર છત્રાળા - અંજાર
સોની લક્ષ્મીબેન બાબુભાઇ કટ્ટા - ધોળકા
સોની તારાબેન રાજેન્દ્રભાઇ બુધ્ધભટ્ટી - ગોંડલ
સોની ગીતાબેન ધનજીભાઇ - ભુજ
સ્વ. સોની ધનજીભાઇ માવજીભાઇ ભુજપુરવાળા તથા સહ પરિવાર